# મધ્ય ભારતના તીર્થસ્થળો


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ● | વડોદરાથી બાવનગજા સુધીનો નક્શો | ૩ |
| ૧. | ડભોઈ | ૪ |
| ૨. | બોડેલી | ૪ |
| ૩. | લક્ષ્મણી | ૫ |
| ૪. | તાલનપુર | ૬ |
| ૫. | બાવનગજા | ૬ |
| ૬. | ઉન-પાવાગિરિ | ૭ |
| ૭. | સિદ્ધવરકૂટ | ૮ |
| ૮. | દેવાસ | ૯ |
| ૯. | મક્ષીજી | ૯ |
| ૧૦. | બજરંગઢ | ૧૦ |
| ૧૧. | થુબૌનજી | ૧૧ |
| ૧૨. | ખંદારગિરિ | ૧૨ |
| ૧૩. | ચંદેરી | ૧૩ |
| ૧૪. | સૈરોનજી | ૧૩ |
| ૧૫. | લલિતપુર | ૧૫ |
| ૧૬. | દેવગઢ | ૧૬ |
| ૧૭. | પાવાગિરિ | ૧૮ |
| ૧૮. | સોનાગિરિ | ૧૮ |
| ૧૯. | ગ્વાલિયર | ૨૦ |

| | | |
|---|---|---|
| ૨૦. | ઝાંસી | ૨૨ |
| ૨૧. | કરગુંવાજી | ૨૩ |
| ૨૨. | પપૌરાજી | ૨૩ |
| ૨૩. | અહારજી | ૨૫ |
| ૨૪. | ખજૂરાહો | ૨૬ |
| ● | **મધ્ય ભારતના તીર્થસ્થલ દર્શાવતો નક્શો** | **૨૮** |
| ૨૫. | દ્રોણગિરિ | ૩૦ |
| ૨૬. | નૈનાગિરિ | ૩૧ |
| ૨૭. | કુંડલપુર | ૩૨ |
| ૨૮. | સાગર | ૩૩ |
| ૨૯. | ગ્યારસપુર | ૩૪ |
| ૩૦. | વિદિશા | ૩૪ |
| ૩૧. | ઉદયગિરિ | ૩૫ |
| ૩૨. | ઉજ્જૈન | ૩૫ |
| ૩૩. | હાસમપુરા | ૩૬ |
| ૩૪. | બનેડિયાજી | ૩૭ |
| ૩૫. | ગોમ્મટગિરિ | ૩૭ |
| ૩૬. | હ્રીંકાર તીર્થ | ૩૮ |
| ૩૭. | ઇંદૌર | ૩૮ |
| ૩૮. | ભોપાવર | ૩૯ |
| ૩૯. | અમીઝરા | ૪૦ |
| ૪૦. | માંડવગઢ | ૪૦ |
| ૪૧. | કાગદીપુરા | ૪૨ |
| ૪૨. | ધાર | ૪૨ |
| ૪૩. | આહૂ | ૪૩ |
| ૪૪. | મોહનખેડા | ૪૩ |
| ૪૫. | પારોલી | ૪૩ |
| ૪૬. | પાવાગઢ | ૪૪ |
| ● | બે તીર્થો વચ્ચેનું અંતર | ૪૫ |
| ● | **રતલામ-મંદસોર વિભાગનો નક્શો** | **૪૬** |
| ૧. | બિંબણોદ | ૪૭ |
| ૨. | સેમલિયા | ૪૭ |
| ૩. | રિંગણોદ | ૪૭ |
| ૪. | મંદસોર | ૪૮ |
| ૫. | વહી | ૪૮ |
| ૬. | કુર્કુટેશ્વર | ૪૯ |
| ૭. | ભાનપુરા | ૪૯ |
| ૮. | પરાસલી | ૫૦ |
| ૯. | નાગેશ્વર | ૫૦ |
| ૧૦. | ઉન્હેલ | ૫૧ |
| ૧૧. | બદનાવર | ૫૧ |
| ● | **તીર્થોના ફોન નંબર** | **૫૨** |
| ● | **તીર્થયાત્રા સંબંધી વ્યવહારુ સૂચન** | **૫૪** |

# મધ્ય ભારતના તીર્થસ્થળો

આમાં મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશના તીર્થોનો મુખ્યત્વે સમાવેશ કરેલો છે. ગુજરાતથી જનાર માટે ગુજરાતના પણ ૩ તીર્થો આપ્યા છે. અહીં તીર્થોનું વર્ણન ક્રમપૂર્વક એટલે રોડ રસ્તે જતા આવે એ ક્રમમાં આપેલું છે. ત્રણ નક્શા સ્કેલ પ્રમાણે આપ્યા છે. પહેલો નક્શો વડોદરાથી બાવનગજા સુધીનો છે. બીજો મોટો નક્શો આ પુસ્તિકા મધ્યે આપેલ છે. ત્રીજો નક્શો રતલામથી ઉપરના મંદસૌર તરફના તીર્થો માટે આપ્યો છે. છેલ્લે બે તીર્થો વચ્ચેનું અંતર આપ્યું છે.



## ૧. ડભોઈ (દર્ભાવતી)–

એક જ ગલીમાં ૫-૭ મંદિરો આવેલા છે. ગલીના નાકા સુધી બસ જાય છે. બધા મંદિરો ભવ્ય છે. મુખ્ય મંદિર શ્રી લોઢણ પાર્શ્વનાથનું અતિ પ્રાચીન છે. કહેવાય છે કે રાજા વીરધવળના મંત્રી તેજપાળે એક વિશાલ દુર્ગનો જીર્ણોદ્ધાર કરતી વખતે એક ભવ્ય મંદિરમાં આ પ્રતિમા પ્રતિષ્ઠિત કરી હતી. પછી આ પ્રતિમા લાંબા સમય સુધી જળગર્ભમાં રહી અને રાજા સાગરદત્તના સમયમાં ફરીથી પ્રગટ થઈ. આ પ્રતિમા વેલુ(રેતી)ની હોવા છતાં એનો એક પણ કણ છૂટો પડ્યો નથી, તેથી ભક્તો એને લોઢણ પાર્શ્વનાથ કહે છે. એ બહુ પ્રાચીન પ્રતિમા મંદિરના ભોંયરામાં વિરાજિત છે. બીજા એક મંદિરમાં ભોંયરામાં પ્રગટ પ્રભાવી પાર્શ્વનાથ ભગવાનના પ્રતિમાજી પણ બહુ પ્રાચીન છે. ધર્મશાળા અને ભોજનશાળાની સુવિધા છે. વડોદરાથી ૩૩ કિ.મી. દૂર છે.

મંદિરોથી ૩-૪ ફર્લાંગ દૂર શ્રીમદ્ યશોવિજયજીનું સમાધિસ્થાન છે જ્યાં શ્રી યશોવિજયજીને વિદ્વેષી લોકોએ ભ્રષ્ટ સાધુ સમજી ઓરડીમાં પૂરી દીધાં હતાં અને ત્યાં જ તેમણે સમાધિપૂર્વક દેહ છોડ્યો હતો. આ સ્થાનની આજુબાજુમાં ૨-૩ નાની દેરીઓ છે.

## ૨. બોડેલી–

આ સ્થળ ડભોઈ-અલીરાજપુર રોડ પર આવેલું છે. વિ. સં. ૨૦૧૧માં આ મંદિરની પ્રતિષ્ઠા કરવામાં આવેલ છે. મંદિર નવું છે

પણ સુંદર છે. અહીં હજારો પરમાર ક્ષત્રિયોને જૈન બનાવવાનું કામ ચાલી રહ્યું છે. ધર્મશાળા અને ભોજનશાળાની સુવિધા છે.

## ૩. લક્ષ્મણીજી–

એનું પ્રાચીન નામ લક્ષ્મણપુર છે. આ તીર્થ લગભગ ૨૦૦૦ વર્ષ જેટલું પ્રાચીન છે. ૧૬મી સદી સુધી અહીં બહુ જાહોજલાલી હતી અને ૧૦૧ શિખરબંધી મંદિરો હતા. હાલ એક જ મંદિર છે જે વિ. સં. ૧૯૯૪માં બનેલું છે. પ્રતિમાઓ હજારેક વર્ષ જૂની અને સુંદર છે. ગભારાની આગળ વિશાળ સભાખંડ છે અને ચારે બાજુ દિવાલો પર શ્રીપાળ રાજાના જીવનના ૧૩૭ કલાપૂર્ણ રંગબેરંગી પટો દર્શનીય છે. પટો સાથે વ્યવસ્થિત લખાણ આપેલું છે જે વાંચતાં આખું શ્રીપાળ-ચરિત્ર નજર આગળ ખડું થઈ જાય છે. મૂળનાયક પદ્મપ્રભુ ભગવાન છે. અલીરાજપુર-કુક્ષિ રોડ ઉપર અલીરાજપુરથી ૮ કિ.મી. પછી જમણી બાજુ એક ફર્લાંગ અંદર જંગલમાં એકાંત સ્થાનમાં આ શ્વેતાંબર તીર્થ આવેલું છે. ધર્મશાળા-ભોજનશાળાની સગવડ છે.

## ૪. તાલનપુર–

લક્ષ્મણીથી કુક્ષિ તરફ જતાં ૩૫ કિ.મી. દૂર મેઈન રોડ ઉપર જ શ્વેતાંબર અને દિગંબર મંદિર પાસે પાસે જ આવેલા છે. પ્રાચીન નામ તુંગિયાપત્તન છે. વિ. સં. ૧૮૯૮માં એક ખેતરમાંથી ૧૩ પ્રાચીન પ્રતિમાઓ પ્રાપ્ત થઈ હતી તેને કુક્ષિ જૈન સંઘે મંદિર બનાવી પ્રતિષ્ઠિત કરી હતી. આ પ્રતિમાઓ છટ્ઠી-સાતમી સદીની લાગે છે.

અહીં અનેક પ્રાચીન તળાવો છે. કુક્ષિ નગરમાં પ્રતિષ્ઠિત પ્રાચીન પ્રભાવશાલી ગોડી પાર્શ્વનાથ પ્રભુની નીલવર્ણ પ્રતિમા જેમાં ચક્ષુ અને તિલક પ્રતિમાની અંદર જડેલા છે, તે પ્રતિમા વિ.સં. ૧૯૨૮માં અહીં જ એક વાવમાંથી ચમત્કારિક રીતે પ્રગટ થઈ હતી. મંદિરમાં અને આજુબાજુ જંગલમાં સુંદર અને કલાત્મક પ્રાચીન અવશેષો મળે છે, જેથી એની પ્રાચીનતાનો ખ્યાલ આવે છે. દિગંબરોમાં એ અતિશયક્ષેત્ર તેમજ સિદ્ધક્ષેત્ર મનાય છે.

## ૫. બાવનગજાજી–

બડવાની શહેરથી ૮ કિ.મી. દૂર સતપુડા પર્વતના સર્વોચ્ચ શિખર ચૂલગિરિ પર આ તીર્થ આવેલું છે. તળેટીમાં ધર્મશાળા તેમજ ૨૧ નાના મંદિરો છે. પહાડ ઉપર શ્રી આદિનાથ પ્રભુની અર્ધી કોતરેલી ૮૪ ફૂટ ઊંચી કાયોત્સર્ગ પ્રતિમા છે. કહેવાય છે કે લગભગ ૩૦૦૦ વર્ષ પૂર્વે આ પ્રતિમા નિર્માણ થયેલી છે. એક જ પથ્થરમાંથી આટલી ઊંચી, ભવ્ય અને રમણીય પ્રતિમા બનાવીને કલાકારે પ્રભુને પ્રાર્થના કરી હશે કે પ્રભુ! ભક્તોને ૮૪ લાખ યોનિમાંથી મુક્તિ આપો. પ્રતિમાનું શિલ્પ-વિધાન અનોખું છે, અંગ પ્રત્યંગ સુડોળ છે. બાહુબલિ કરતા પણ આ પ્રતિમા ઊંચી છે પણ આ અર્ધી કોતરેલી છે અને બાહુબલિની પ્રતિમા આખી કોતરેલી છે. જૂના જમાનામાં એક હાથને કાચો ગજ કહેતા હતા અને આ પ્રતિમા પણ લગભગ બાવન હાથ ઊંચી હોવાના કારણે આ તીર્થનું નામ 'બાવનગજાજી' પડ્યું હશે.

એ સિવાય પહાડ ઉપર બીજા ૧૦ મંદિરો છે, જેમાં અનેક પ્રાચીન પ્રતિમાઓ છે. શાસ્ત્રોમાં થયેલા ઉલ્લેખ અનુસાર લંકાપતિ રાવણના નાના ભાઈ કુંભકર્ણ અને પુત્ર ઇંદ્રજીતે અનેક મુનિઓ સાથે અહીં મુક્તિ મેળવી હતી. અહીં તેમની પ્રાચીન પાદુકાઓ દર્શનીય છે.

તળેટીથી આદિનાથ ભગવાનની મૂર્તિ સુધી ૧૫ મિનિટનો ચઢાવ છે. ૮૦૦ પગથિયા છે. પછી આગળ પાદુકાઓ સુધી જતાં બીજી ૧૫ મિનિટ લાગે છે. પાદુકાજીની આજુબાજુ ૧૩મી સદીની ૧૫-૨૦ ખંડિત મૂર્તિઓ અને જૂના અવશેષો છે. આ દિગંબર તીર્થ છે, ધર્મશાળા તથા ભોજનશાળાની સુવિધા છે.

## ૬. ઉન-પાવાગિરિ–

જુલવાનિયા-ખરગોન રોડ ઉપર જુલવાનિયાથી ૨૪ કિ.મી. દૂર રોડ ઉપર ઉન ગામ પાસે આ દિગંબર તીર્થ આવેલું છે. ધર્મશાળાના ચોગાનમાં એક વિશાળ મંદિર છે. ધર્મશાળાથી ૨ ફર્લાંગ દૂર એક નાની ટેકરી પર વિશાળ મંદિર છે, જેમાં શાંતિનાથ ભગવાનની ૧૨ ફૂટ ઊંચી કાલા પાષાણની કાયોત્સર્ગ મુદ્રાવાળી ભવ્ય પ્રતિમા છે અને આજુબાજુ ૫-૬ ફૂટ ઊંચી ભવ્ય પ્રતિમાઓ છે. આ મંદિર બારમી સદીનું ગણાય છે. બારમી સદીમાં રાજા બલ્લાલ દ્વારા નિર્મિત ૯૯ મંદિરોમાંનું આ એક છે. એની બાજુમાં એક નાની ટેકરી ઉપર ૫-૬ દેરીઓ છે. દિગંબર માન્યતા અનુસાર અહીંથી ચંદ્રપ્રભુ ભગવાનના સમયમાં સુવર્ણભદ્ર આદિ ચાર મુનિઓ મોક્ષે ગયેલ છે. અહીંની કળા

આબૂ-દેલવાડા અને ખજૂરાહોના મંદિરોની યાદી આપે છે. ધર્મશાળા અને ભોજનશાળાની સગવડ છે.

## ૭. સિદ્ધવરકૂટ—

નર્મદા (શાસ્ત્રીય ઉલ્લેખ અનુસાર રેવા નદી)ના કિનારે ૐકારેશ્વર (માંધાતા) ગામની સામે એક નાની પહાડી ઉપર જંગલમાં આ તીર્થ આવેલું છે. દિગંબર માન્યતા અનુસાર અહીંથી સનત્કુમાર અને મન્દવા એ બે ચક્રવર્તી, ૧૦ કામદેવ અને ત્રણ કરોડ મુનિઓ મોક્ષે ગયેલ હોવાથી એ સિદ્ધક્ષેત્ર ગણાય છે. મૂળનાયક શ્રી મહાવીર ભગવાનની શ્યામવર્ણની ભવ્ય કાયોત્સર્ગ પ્રતિમા છે. એ તીર્થ અતિ પ્રાચીન મનાય છે. મુખ્ય મંદિર સિવાય બીજા ૧૦ મંદિરો છે. નદી કિનારે હોવાથી પ્રાકૃતિક સુષમા અવર્ણનીય છે.

સનાવદ-ઇંદોર રોડ ઉપર માંધાતા પછી બડવાહાથી જમણી બાજુ ૧૮ કિ.મી. દૂર આ તીર્થ આવેલું છે. ધર્મશાળા છે. સૂચના આપ્યેથી ભોજનની વ્યવસ્થા થઈ શકે છે.

## ૮. દેવાસ—

હાઈવેથી એકાદ કિલોમીટર અંદર ગામમાં બે મંદિર આવેલા છે. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું મંદિર તુકોગંજ રોડ ઉપર આવેલું છે અને સંવત ૨૦૧૧માં જ બનેલું છે, પણ ભવ્ય અને વિશાલ છે. શ્રી પાર્શ્વનાથ પ્રભુની શ્વેત પદ્માસનસ્થ પ્રતિમા અષ્ટ પ્રાતિહાર્યયુક્ત— ઉપર કલ્પવૃક્ષ, દેવો દ્વારા પુષ્પવૃષ્ટિ, દેવદુંદુભિ, ત્રણ છત્ર, બાજુમાં

ચામર—દર્શનીય છે. પ્રતિમા સોએક વર્ષ જૂની છે. ત્યાંથી એક ફર્લાંગ દૂર શ્રી આદિનાથ ભગવાનનું મંદિર બડા બજારમાં આવેલું છે જેમાં મૂળનાયકની મૂર્તિ ૨૦૦૦ વર્ષ જૂની કહેવાય છે. બાજુમાં શાંતિનાથ ભગવાનની કૃષ્ણ વર્ણની પ્રતિમા પર સં.૧૧૮૧નો શિલાલેખ છે.

## ૯. મક્ષીજી—

મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા ઈસા પૂર્વ સાતમી સદીની એટલે ચૌથા આરાની મનાય છે, પણ પુરાતત્ત્વ-વેત્તાઓ એને પરમાર વંશના વખતની એટલે દસમી સદીની માને છે. મંદિરનું નિર્માણ ૧૫મી સદીમાં માંડવગઢના ખજાનચી શ્રી સંગ્રામ સોની દ્વારા થયેલું મનાય છે અને એક મત મુજબ મંદિર બહુ પ્રાચીન હોવાથી સંગ્રામ સોની દ્વારા એનો જીર્ણોદ્ધાર થયો હશે એમ માની શકાય. મૂર્તિ બહુ જ ભવ્ય, સુંદર અને અતિશયયુક્ત છે. મૂળનાયક ભગવાન દરવાજાની મધ્યમાં બિરાજમાન નથી, એનું કારણ પૂછતાં જાણવા મળે છે કે ભગવાન ત્યાંથી ખસતા નથી. મંદિર બહુ વિશાળ છે. મૂળનાયક ભગવાન અંગે શ્વેતાંબર-દિગંબર સમાજ વચ્ચે ઝઘડો ચાલે છે. સવારના ૬-૦૦ થી ૯-૦૦ સુધી દિગંબરો પૂજા કરે છે, બાકીનો બધો સમય શ્વેતાંબરના હાથમાં છે. દિગંબરોની પૂજા પૂરી થયા પછી મૂર્તિને ચક્ષુ ચોંટાડવામાં આવે છે. ધર્મશાળા અને ભોજનશાળાની સગવડ છે.


મુખ્ય મંદિરની પાછળ ઋષભદેવ ભગવાન, અભયદેવસૂરી

આદિના પાદુકાજી છે. બાજુમાં શ્રી સુપાર્શ્વનાથ ભગવાનનું એક દિગંબર મંદિર છે જેમાં અનેક પ્રાચીન પ્રતિમાઓ છે. સભાખંડ નવનિર્મિત છે. મક્ષી રેલવે સ્ટેશનની પાસે પણ દિ. ધર્મશાળા છે.

## ૧૦. બજરંગઢ—

મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની ૧૪'-૬'' ઊંચી ભવ્ય પ્રતિમા છે જે વિ.સં. ૧૨૩૬માં પાડાશાહ શ્રેષ્ઠી દ્વારા પ્રતિષ્ઠિત થયેલી છે. બે બાજુ શ્રી કુંથુનાથ અને શ્રી અરનાથની પણ ભવ્ય પ્રતિમાઓ છે. આ ત્રણે પ્રતિમાઓ કંઈક ખંડિત થયેલી હોવાથી એની આગળ બીજી વેદી બનાવેલી છે જેથી મૂળ મોટી પ્રતિમાઓ પાછળ ઢંકાઈ ગઈ છે. મંદિરની દિવાલો ઉપર કાચના પટોનું સુંદર કામ કરેલું છે, જેમાં બાર ભાવના, દશ લક્ષણ ધર્મ, પાર્શ્વનાથ-શાંતિનાથ-ઋષભદેવ ભગવાનના ચરિત્રો, આઠ કર્મનું સ્વરૂપ સમજાવતાં છહ-ઢાલામાંથી ચિત્રો, બીજા તીર્થો અને મહાપુરુષોને લગતા પૌરાણિક ચિત્રો આલેખેલા છે. પટોનું કામ બહુ સુંદર છે અને ધ્યાનથી જોતાં એક કલાક જેટલો સમય વહી જાય છે. બીજી પણ પાષાણની અને ધાતુની ઘણી જૂની મૂર્તિઓ છે. આઠ-દસ સ્થળે શ્રીમદ્‌જીના વચનો (આત્મસિદ્ધિ, યમનિયમ વગેરેમાંથી) દિવાલો ઉપર લખેલા છે. આખું મંદિર જ કાચનું છે. એકંદરે મંદિર સુંદર અને દર્શનીય છે. ગામ નાનું છે અને નાની પહાડી ઉપર સમતલ ભૂમિમાં વસેલું છે. ચારે બાજુ પર્વતમાળાના કારણે અત્યંત મનોહર દૃશ્ય છે. બીજું એક મંદિર

એકાદ ફર્લાંગ દૂર ગામમાં જ આવેલું છે, જેમાં પાર્શ્વનાથ ભગવાનની




૯૦૦ વર્ષ જૂની મૂર્તિ છે. બે માળનું મંદિર છે. શ્રીમદ્જીનો ફોટો પણ એક સ્થળે ટાંગેલો છે. ત્રીજું મંદિર શ્રી ચંદ્રપ્રભ ભગવાનનું અર્ધો ફર્લાંગ દૂર જંગલમાં આવેલું છે. ધર્મશાળાની વ્યવસ્થા છે. ગુના-એરોન રોડ ઉપર ૭ કિ.મી. પર આ તીર્થ છે.

## ૧૧. થુબૌનજી–

થુબૌન નામના ગામની પાસે જંગલમાં પહાડોની વચ્ચે આ તીર્થ આવેલું છે. અહીં ધર્મશાળા અને મંદિરો સિવાય બીજું કાંઈ નથી, એકાંત શાંત સ્થળ છે. 'તપોવન' ઉપરથી થુબૌનજી નામ પડ્યું હોય એમ લાગે છે. કુલ ૨૫ મંદિર છે, અને બધા એક જ ચોગાનમાં

આવેલા છે. મોટા ભાગના મંદિરોમાં ૭ ફૂટથી ૩૦ ફૂટ ઊંચી કાયોત્સર્ગ પ્રતિમાઓ છે. મંદિર નં. ૧૫ મુખ્ય છે. એમાં ઋષભદેવ ભગવાનની તેરમી સદીની પાડાશાહ શ્રેષ્ઠી દ્વારા પ્રતિષ્ઠિત ૩૦ ફૂટ ઊંચી પ્રતિમા છે, જે ચમત્કારી ગણાય છે. પાડાશાહ (બીજું નામ ભૈસાશાહ) અહીંના જ નિવાસી હતા. અહીંના મંદિરોની એક મુખ્ય ખાસિયત એ છે કે પ્રતિમાઓ શિખરથી મોટી છે. પ્રવેશદ્વારથી પ્રભુની પૂરી પ્રતિમાના દર્શન થવા અશક્ય છે. કારણકે પ્રભુપ્રતિમાનો લગભગ અડધો ભાગ પ્રવેશદ્વારની સપાટીથી નીચો છે. એમ લાગે છે કે પહેલા પ્રતિમા પ્રતિષ્ઠિત કરીને પછી મંદિર બનાવવામાં આવ્યા છે. અહીંની શિલ્પકળા આગવી છે. બધી મૂર્તિઓ દેશી પાષાણમાં અર્ધ કોતરેલી છે. ઘણાખરા મંદિરો ૪૦૦ વર્ષ જૂના છે. દિગંબર માન્યતા પ્રમાણે એ અતિશય ક્ષેત્ર ગણાય છે. ભોજનશાળાની સુવિધા થઈ છે.

## ૧૨. ખંદારગિરિ–

ખંદારગિરિમાં એક નાની પહાડી ઉપર છ ગુફાઓ છે. ૧૦૦-૧૨૫ પગથિયા છે. ગુફા નં.૧ સોળમી સદીની છે અને એમાં ૧૦ મૂર્તિઓ પદ્માસન મુદ્રામાં છે. અહીં એક બાહુબલીજીની અદ્ભુત મૂર્તિ છે જેને ગામડાના લોકો 'ઓઘડ બાબા' તરીકે ઓળખે છે. ગુફા નં. ૨ સૌથી વધુ લોકપ્રિય અને દર્શનીય છે. પાંત્રીશ ફૂટ ઊંચી શાંતિનાથ ભગવાનની ખડ્ગાસન પ્રતિમા છે, પણ વચ્ચેથી બહુ જ ખંડિત છે. ગુફા નં.૩માં શ્રેયાંસનાથ ભગવાનની સોળમી સદીની

૧૬ ફૂટ ઊંચી પ્રતિમા છે. ગુફા નં. ૬ સૌથી પ્રાચીન છે અને એમાં સંવત્ ૧૨૮૩નો લેખ મળે છે. અહીં પદ્માસનમુદ્રામાં ૧૦ પ્રતિમાઓ છે. બધી પ્રતિમાઓ દેશી પાષાણમાં અર્ધ કોતરેલી છે. ચંદેરીથી રામનગર રોડ ઉપર એક કિ.મી. દૂર આ ગુફાઓ આવેલી છે.

## ૧૩. ચંદેરી–

રાજઘાટ જતા મેઈન રોડથી ૧-૨ ફર્લાંગ અંદર દિગંબર જૈન ચૌવીશી મંદિર છે. એ મંદિરમાં ચોવીશ તીર્થંકરોની તેઓના મૂળ વર્ણ પ્રમાણેના રંગના પથ્થરની મૂર્તિઓ છે. એવી સુંદર અને શાસ્ત્રોક્ત વર્ણની ચોવીશી ક્યાંય નથી. એની ઉપર વિક્રમ સંવત્ ૧૯૯૩નો શિલાલેખ છે. એ મંદિરમાં બીજી ઘણી મૂર્તિઓ બારમી અને સોળમી સદીની છે. ત્યાંથી એકાદ ફર્લાંગ દૂર 'પાર્શ્વનાથ દિગંબર પુરાના મંદિર' છે. એક શ્વેતાંબર મંદિર પણ છે.

## ૧૪. સૈરોનજી–

ચંદેરીથી લલિતપુર જતાં વચ્ચે રાજઘાટથી ડાબી બાજુ ૧૨ કિ.મી. દૂર આ તીર્થ આવેલું છે અને ત્યાંથી લલિતપુર ૧૮ કિ.મી. દૂર છે. એકાંત જંગલમાં આ તીર્થ આવેલું છે. આ તીર્થનું નિર્માણ વિ.સં. ૯૬૪ થી વિ.સં.૧૦૦૫ દરમિયાન થયું છે એટલે કે આ તીર્થ ૧૧૦૦ વર્ષ પ્રાચીન છે. ચંદેલ રાજવંશના શાસનમાં આ મંદિરોનું નિર્માણ થયેલું છે. દેવગઢ અને ખજુરાહોની મૂર્તિકલા, શૈલી અને અહીંની શૈલીમાં ઘણું સામ્ય છે. મંદિરો પાડાશાહ શ્રેષ્ઠી દ્વારા નિર્મિત

છે. કહેવાય છે કે એ મૂલતઃ સાધારણ અગ્રવાલ જાતિનો શ્રાવક અને તેલનો વ્યાપારી હતો અને પાડા પર માલ ભરીને વેપાર કરતો હતો. પુણ્યયોગે એને પારસ પથ્થર મળી ગયો અને તે ધનકુબેર થઈ ગયો. એટલે એણે અગણિત ભવ્ય જિનમંદિરો બનાવ્યા. પોતાના ચિર સાથી પાડાના કારણે તે પાડાશાહ કહેવાયો. મૂળ નામ સંભવતઃ બીજું હશે.


પૂર્વકાળમાં સૈરોન બહુ વિશાલ નગર હશે અને અહીં કેટલાય મંદિરો હશે. આજે પણ આજુબાજુ ખંડેરોના અવશેષો ટેકરીરૂપે દેખાય છે અને ખોદકામ કરતા ઘણી પ્રાચીન મૂર્તિઓ નીકળે છે. વર્તમાનમાં અહીં કોટની અંદર સાત મંદિર છે.  સં. ૧૯૨૩ પછી જીર્ણોદ્ધાર શરૂ થયો છે અને અમુક મંદિરો નવા બંધાવ્યા છે. મૂર્તિઓ બધી પ્રાચીન છે. નં. ૨ મુખ્ય મંદિર છે જેમાં શાંતિનાથ ભગવાનની ૧૮ ફૂટ ઊંચી ખડ્ગાસન પ્રતિમા વિરાજમાન છે.

બુંદેલખંડમાં ઘણા સ્થળે શાંતિનાથ ભગવાન મૂળનાયક તરીકે વિરાજિત છે, એનું કારણ વિચારતાં એમ જણાય છે કે પાંચમી-છઠ્ઠી સદીમાં બર્બર હૂણોનું અને તે પછી ચારસો વર્ષે મુસલમાનોનું આક્રમણ થવાથી તેમના અત્યાચારોથી પ્રજા બહુ ત્રાસી ગઈ હતી, એટલે શાંતિ કરનાર તરીકે શાંતિનાથ પ્રભુની માન્યતા વિશેષ પ્રચલિત થઈ હશે.

આજે એ અતિશય ક્ષેત્ર તરીકે મનાય છે અને લોકો રોગમુક્તિ માટે અહીં આવે છે.

# ૧૫. લલિતપુર–

એ મોટું શહેર છે. કુલ ૧૭ મંદિર છે. દિગંબરોનું મોટું મથક છે. ઘંટાઘરની પાસે ૨-૩ ફર્લાંગના અંતરે મુખ્ય ૩ મંદિરો આવેલા છે. (૧) અટા મંદિર - ૫ વેદી છે. (૨) નયા મંદિર - ૧૩ વેદી છે. (૩) આદિનાથ બડા મંદિર - ૧૯ વેદી છે અને બહુ વિશાલ મંદિર છે. મૂર્તિઓ પણ પ્રાચીન અને ભવ્ય છે. અહીં એક બારમી સદીનું ભોંયરું છે જે લગભગ ૨૦' ઊંડું અને બહુ જ સાંકડું છે. લડાઈ વખતે મૂર્તિઓની સુરક્ષા માટે સારી જગ્યા છે. એની પાસે ધર્મશાળા પણ છે, પણ બસ જઈ શકે નહીં. ઘંટાઘરથી બે કિ.મી. દૂર વર્ણી જૈન મહાવિદ્યાલય પાસે 'ક્ષેત્રપાલ જૈન ધર્મશાળા' છે તેના ચોગાનમાં એક વિશાળ મંદિર છે જેમાં પાંચ વેદી છે. અભિનંદન ભગવાનની મૂર્તિ બહુ જ મનોજ્ઞ છે. ભોંયરામાં થોડીક પ્રાચીન ખંડિત મૂર્તિઓનો સંગ્રહ છે. ત્યાં બસ જઈ શકે છે.




લલિતપુર ગાઈડ મેપ

## ૧૬. દેવગઢ–

લલિતપુરથી દેવગઢ ૩૧ કિ.મી. દૂર છે. બેતવા નદીને કિનારે દેવગઢ ગામથી ૨½ કિ.મી. દૂર નાની પહાડી ઉપર આ સ્થાન આવેલું છે. એક જ ચોગાનમાં ૩૧ મંદિરો આવેલા છે. બધા મંદિરો ખંડેર હાલતમાં છે. બુંદેલખંડ કલા માટે મશહૂર છે, પણ અહીંની કલા પોતાનું આગવું સ્થાન ધરાવે છે. મંદિર નં.૧૨ સૌથી પ્રાચીન એટલે છઠ્ઠી સદીનું છે, એમાં શાંતિનાથ ભગવાનની ૧૨ ફૂટ ઊંચી ભવ્ય અતિશયયુક્ત પ્રતિમા છે. એમાં બહુ બારીક કોતર કામ છે અને મંદિરની બહાર ચારે બાજુ દિવાલમાં ૨૪ તીર્થંકર ભગવાનની અધિષ્ઠાયિકા દેવીઓ સહિત મૂર્તિઓ છે. આ મંદિર બહુ વિશાલ છે અને આજુ-બાજુ ઘણા ભગ્નાવશેષો પડ્યા છે. મંદિર નં. ૬માં પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા પર ફેણ નથી, પણ પ્રતિમાની બન્ને બાજુ વિરાટ સર્પ બનાવેલા છે. મંદિર નં.૧૧માં બાહુબલીજીની ૧૧મી સદીની ઘણી જ આકર્ષક મૂર્તિ છે. મંદિર નં. ૧૩માં પ્રતિમાઓમાં ઉત્કીર્ણ કેશકળાની ૧૮ વિભિન્ન શૈલીઓ જોવા લાયક છે. અહીંની મૂર્તિકલાના અન્યત્ર દર્શન દુર્લભ છે.

અન્ય મંદિરો શ્રી પાડાશાહ અને તેના બે ભાઈ (દેવપત-ખેવપત) દ્વારા બારમી સદીમાં નિર્મિત થયેલા છે.

અહીંની મૂર્તિઓની મુખ્ય વિશિષ્ટતા–(૧) પ્રભામંડળ ગોળ,

લંબગોળ વગેરે વિવિધ આકારના અને વિવિધ કારીગરીવાળા છે. (૨) ભગવાનના માથાના વાળની સ્ટાઈલો પણ અનેક પ્રકારની છે. (૩) ઘણી મૂર્તિઓ અષ્ટ પ્રાતિહાર્ય યુક્ત છે—ત્રણ છત્ર, પુષ્પમાળા સહિત દેવ, બન્ને બાજુ ચમરધારી ઇંદ્રો કોતરેલા છે, તેમજ મૂર્તિની નીચે ચતુર્વિધ સંઘ (સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા) ઉત્કીર્ણ છે.

અહીં પંચપરમેષ્ઠીની તેમજ ઉપાધ્યાયની વિવિધ મુદ્રાવાળી ઘણી મૂર્તિઓ છે જે બીજે ક્યાંય જોવા મળતી નથી. દેવગઢને ઉત્તર ભારતનું જૈન બદ્રી કહે છે. ઘણી મૂર્તિઓ ૨૫૦૦ વર્ષ જૂની મનાય છે. અને નવમી-દસમી સદીના શિલાલેખ પણ મળે છે. પહાડી ઉપર સંગ્રહાલય પણ છે. દેવોએ રચેલ હોવાથી અથવા અસંખ્ય વિભિન્ન કલાપૂર્ણ દેવમૂર્તિઓ હોવાથી 'દેવગઢ' નામ પડ્યું લાગે છે.

મંદિરોથી એકાદ ફર્લાંગ દૂર બેતવા નદી વહે છે અને આજુ-બાજુ ગીચ ઝાડીમાં ઘણા વન્ય પશુઓ રહે છે માટે પહાડી ઉપર પોલિસની વ્યવસ્થા રાખેલ છે. તળેટીમાં નાનું મંદિર અને ધર્મશાળા છે. પહાડી ઉપર છેક સુધી બસ જાય છે.

દેવગઢ તળેટીથી લલિતપુર જતાં એક કિ.મી. પર રસ્તામાં દશાવતાર મંદિર આવે છે જેમાં વિષ્ણુનું લક્ષ્મી સાથેનું ચિત્ર છે અને તે જ ચિત્રમાં બ્રહ્મા, મહેશ અને ગણેશ પણ બતાવેલા છે. એ ગુપ્તકાલીન મંદિર કલા-સૌષ્ઠવની દૃષ્ટિએ અજોડ છે, પણ ખંડેર હાલતમાં છે.

## ૧૭. પાવાગિરિ–

એ તીર્થ હાલમાં વિશેષ પ્રસિદ્ધિ પામ્યું છે. એકાંત જંગલમાં નાની ટેકરી ઉપર એ સ્થળ આવેલું છે. એની પ્રાકૃતિક સુષમા બહુ રમણીય છે. સ્વર્ણભદ્ર આદિ ચાર મુનિઓની નિર્વાણભૂમિ હોવાથી સિદ્ધક્ષેત્ર કહેવાય છે, અને તે સ્થળે પાદુકાજી પ્રતિષ્ઠિત છે. મંદિરમાં ભોંયરું છે જેમાં દેવપત-ખેવપત દ્વારા નિર્મિત સં. ૧૩૪૫ની પાંચ મૂર્તિઓ કૃષ્ણ-વર્ણીય ગ્રેનાઈટ પથ્થરની પ્રતિષ્ઠિત કરેલી છે, જે બહુ જ મનોરમ્ય અને ભવ્ય છે. એક મૂર્તિ સં.૧૨૮૮ની પણ છે. બાકીની મૂર્તિઓ ૧૦૦-૧૫૦ વર્ષ જૂની અને અદ્યતન પણ છે. પાવા ગામમાં પણ એક પ્રાચીન જૈનમંદિર છે. લલિતપુર-ઝાંસી રોડ પર ઝાંસીથી ૪૩ કિ.મી. પહેલા (બબીનાથી ૧૭ કિ.મી. પહેલા) જમણી બાજુ પાકો રોડ પાવાગિરિ સિદ્ધક્ષેત્ર જાય છે. ધર્મશાળાની સુવિધા છે.

## ૧૮. સોનાગિરિ–

એનું પ્રાચીન નામ 'શ્રમણગિરિ' છે. વિક્રમની ચોથી સદીમાં એનો જીર્ણોદ્ધાર થયેલો છે. નંગ, અનંગ આદિ ૫½ કરોડ મુનિઓનું એ નિર્વાણસ્થળ હોવાથી સિદ્ધક્ષેત્ર ગણાય છે. અહીં ચંદ્રપ્રભ ભગવાનનું સમવસરણ રચાયેલું છે.

નાની પહાડી ઉપર ૭૭ મંદિર છે. ઠેઠ સુધી પગથિયા છે. ધર્મશાળાથી પહાડી સાવ નજીક છે. બધા મંદિરોને ક્રમાંક આપેલા છે. મંદિરો બધા બાજુ-બાજુમાં જ છે. મૂર્તિઓ ઘણી ખરી ૧૫૦-૨૦૦

વર્ષ જૂની છે અને અમુક મૂર્તિઓ દેવગઢની મૂર્તિઓની સમકાલીન એટલે બારમી સદીની છે. મંદિર નં.૧૬માં સૌથી પ્રાચીન પ્રતિમા છે. મંદિર નં.૫૭ સૌથી સુંદર અને વિશાળ છે, જેમાં મૂળનાયક ચંદ્રપ્રભ ભગવાનની મૂર્તિ પર સંવત્ ૧૦૩૫નો શિલાલેખ છે. એમાં ચારે બાજુ દિવાલ પર ભૂધરદાસકૃત ૨૨ પરિષહ સચિત્ર અંકિત છે, તેમજ દશલક્ષણ ધર્મ સંબંધી કવિતા પણ લખેલી છે. મંદિરની આગળ ચોગાનમાં બાહુબલિજી તથા નંગ-અનંગ કેવલીની ધ્યાનસ્થ મૂર્તિઓ સ્થાપિત કરેલી છે અને હાલમાં સમવસરણ મંદિર પણ બનેલ છે. મંદિર નં. ૭૬માં સુંદર પ્રતિમા છે. શરૂઆતના મંદિર નં. ૧ થી ૫૭ સાવ નજીક નજીક છે, પછીના મંદિર સહેજ દૂર દૂર છે.

પહાડી ઉપરના મંદિરોનું દૃશ્ય બહુ રમણીય છે. ગિરિરાજ ઉપર મંદિરો ખુલવાનો સમય સવારે ૫-૦૦ થી ૧૨-૩૦ અને બપોરે ૩-૩૦ થી રાત્રે ૯-૦૦ વાગ્યા સુધીનો છે. ચપ્પલ પહેરીને ઉપર જવાની મનાઈ છે. ડોળી મળે છે.

નીચે તળેટીમાં ૧૭ મંદિર છે. જેમાં મંદિર નં. ૮માં વીર સંવત્ ૧૧૮૪ની શ્રી શાંતિનાથ ભગવાનની લગભગ ૧૨ ફૂટ ઊંચી ભવ્ય ખડ્ગાસન પ્રતિમા છે. મંદિર નં. ૯ પણ બહુ સુંદર છે. ધર્મશાળાઓ ઘણી છે. ભોજનશાળાની સુવિધા છે. ઝાંસી-ગ્વાલિયર રોડ પર દતિયા પછી (ગ્વાલિયરથી ૬૫ કિ.મી. પહેલા) ડાબી બાજુ પાંચ કિ.મી અંદર આ તીર્થ આવેલું છે.

## ૧૯. ગ્વાલિયર–

ગ્વાલિયરનો કિલ્લો ભારતનો અજેય દુર્ગ ગણાય છે. એનું નિર્માણ આઠમીથી પંદરમી સદી સુધીમાં થયું છે, અને ૧૧૨ રાજાઓએ એના ઉપર આધિપત્ય ભોગવ્યું છે. કિલ્લા ઉપર જૈન પ્રતિમાઓનું નિર્માણ નવમી સદીમાં મહીપાલ રાજાએ કરાવેલું મનાય છે. એ રાજા પોતે જૈન હતો, પણ એની રાણી શૈવ અને માતા વૈષ્ણવ હતી, તે બન્ને માટે તેણે કિલ્લા ઉપર શિવમંદિર અને વિષ્ણુમંદિર પણ બનાવેલ છે જે 'સાસ-બહુકા મંદિર' તરીકે ઓળખાય છે. હિંદુ સ્થાપત્ય કળાનું એ મંદિરોમાં દર્શન થાય છે. જો કે હાલ મંદિરમાંથી મૂર્તિઓ ગાયબ છે. પછી કિલ્લામાં એક તેલંગરાવકા મંદિર (તેલીકા મંદિર) પણ પ્રખ્યાત છે જ્યાં મૂર્તિઓ દ્વારા કામકલાનું પ્રદર્શન કરેલું છે. એક સંગ્રહાલય અને ગુરુદ્વારા પણ છે. બસ જઈ શકે છે.

કિલ્લા ઉપર જતાં વચ્ચે જૈન ગુફાઓ આવે છે. કિલ્લાના બહારના ભાગમાં આખા પથ્થરો કોતરીને ૬'' થી ૫૭' ઊંચી મૂર્તિઓ બનાવેલી છે. બધી મૂર્તિઓ દેશી પાષાણમાં અર્ધ-ઉત્કીર્ણ છે. શિલ્પ-કલાની દૃષ્ટિએ આ મૂર્તિઓ દેવગઢની મૂર્તિઓની સમકાલીન લાગે છે. અમુક મૂર્તિઓ ઉપર શિખર, ચંદરવા વગેરે કલાત્મક ઝીણું કામ પણ કરેલું છે. ઘણી-ખરી મૂર્તિઓ મુસ્લિમ રાજાઓએ ખંડિત કરેલી છે, કાં ખુલ્લામાં હોવાથી પાણીના મારથી ખંડિત થયેલ છે. મૂર્તિઓના દર્શન કરવા માટે રોડથી ૩-૪ ફર્લાંગ જેટલું ચાલવું પડે છે.

કિલ્લાનો બીજો વિભાગ 'ગોપાચલ પર્વત' કહેવાય છે. ત્યાં પગથિયા બનાવેલા છે. દસેક મિનિટનો ચઢાવ છે. પહાડ ઉપર એક પથ્થરની વાવ (બાવડી) છે જે ચમત્કાર માટે પ્રસિદ્ધ છે. વાવની પાસેથી ગુફાઓ શરૂ થાય છે, જેમાં બહુ વિશાલ, સુંદર ધ્યાનસ્થ તેમજ પદ્માસનસ્થ પ્રતિમાઓ છે. ગુફા નં. ૧૦માં પાર્શ્વનાથ ભગવાનની અતિશયયુક્ત ૪૨ ફૂટ ઊંચી પદ્માસનસ્થ પ્રતિમા છે જે બડે બાબાના નામથી ઓળખાય છે. ગુફા નં. ૧૧, ૧૨માં પણ આટલી જ મોટી પદ્માસનસ્થ પ્રતિમાઓ છે. છેલ્લી ગુફામાં બહુ જ મોટી ઊભી પ્રતિમા છે. અમુક સ્થળે સંવત્ ૧૫૨૫નો શિલાલેખ પણ જોવા મળે છે.

ઘણીખરી મૂર્તિઓ સુંદર, સપ્રમાણ અને કલાની દૃષ્ટિએ ભવ્ય છે. દેશી પાષાણમાં બહુ જ ઊંડી કોતરેલી છે. પહાડમાં એક જ પથ્થરમાં ગુફા બનાવી તેમાં ભગવાનની મૂર્તિઓ, તેની ઉપર ત્રણ છત્ર તથા શિખર જેવો દેખાવ, ક્યાંક ગોખ જેવો દેખાવ અને મૂર્તિની પાછળ ભામંડળ અને તેની ઉપર ઝીણી કારીગરીવાળો ચંદરવો વગેરે કલાની દૃષ્ટિએ બહુ જ સુંદર છે. આ મૂર્તિઓનું નિર્માણ વિ.સં. ૧૩૯૦ થી ૧૫૩૬ સુધીમાં તોમરવંશી રાજાઓ દ્વારા થયેલું છે. મુસ્લિમ શાસક બાબરે એનો નાશ કરવા પ્રયત્ન કર્યો, પણ સફળ થયો નહીં. પાછળથી ઔરંગઝેબે બધી મૂર્તિઓ ખંડિત કરેલી છે, તેમજ અમુક મૂર્તિઓ ખુલ્લામાં હોવાથી પાણીથી

ધોવાઈને પણ જીર્ણપ્રાય થઈ ગઈ છે.

ગ્વાલિયર કિલ્લામાં એકંદરે કુલ પાંચ વિભાગમાં મળીને ૧૫૦૦ મૂર્તિઓ છે, પણ ઉપરના બે વિભાગ મુખ્ય છે.


એકંદરે ગ્વાલિયર શહેરમાં ૧૨ મંદિર, લશ્કરમાં ૨૪ મંદિર, અને મુરારમાં ૨ મંદિર છે. પણ ‘‘મહાવીર જૈન ધર્મશાળા, નઈ સડક, યાદવ ટોકીઝ પાસે, લશ્કર’’ની સામે સાંકડી ગલીમાંથી ૧/૨ કિ.મી. દૂર (૧) ‘‘દિગંબર જૈન બીસપંથી મંદિર, ચંપાબાગ, દોઆનાલા’’ છે. અને ત્યાંથી ૧ ફર્લાંગ દૂર (૨)‘‘દિગંબર જૈન પંચાયતી બડા મંદિર (તેરાપંથી), પુરાની સહેલી, લશ્કર’’છે એમાં દિવાલો તથા છત ઉપર સોનાનું ચિત્રકામ બહુ સુંદર છે, મૂર્તિઓ પણ પ્રાચીન અને દર્શનીય છે, અને ત્યાંથી ૧ ફર્લાંગ દૂર (૩)‘‘શ્રી પાર્શ્વનાથ નયા મંદિર, દોઆનાલા’’ દર્શનીય છે.

## ૨૦. ઝાંસી–

રાનીમહલ અથવા મિનરવા ટોકીઝ આગળ વાહન ઊભું રાખી ત્યાંથી અર્ધો કિ.મી. દૂર ‘‘દિગંબર જૈન આદિનાથ પંચાયતી બડા મંદિર’’ ગાંધી રોડ ઉપર આવેલું છે. એ અહીંનું મોટામાં મોટું મંદિર છે. એમાં સંવત્ ૧૨૧૩ની પ્રાચીન પ્રતિમાઓ તેમજ પંચધાતુની ૧૦૦૮ ભગવાનની મૂર્તિઓ જોવા મળે છે. પાર્શ્વનાથ ભગવાનની ચોવીશી સાથેની પ્રતિમા પણ બહુ સુંદર છે. મંદિરનો બહારથી દેખાવ પણ સુંદર છે. બીજા બે મંદિરો ૧-૨ ફર્લાંગના અંતરે છે.


## ૨૧. કરગુંવાજી–

આ સ્થળ ઝાંસી શહેરથી ૫-૬ કિ.મી. દૂર કાનપુર રોડ ઉપર મહારાની લક્ષ્મીબાઈ કૉલેજની સામે જમણી બાજુ એકાધ ફર્લાંગ અંદર આવેલું છે. મંદિરના ભોંયરામાં ગ્રેનાઈટ પથ્થરની ૫ મૂર્તિઓ પદ્માસન અને બે મૂર્તિઓ કાયોત્સર્ગ મુદ્રાવાળી પ્રતિષ્ઠિત છે જેના પર સં.૧૩૪૩નો ઉલ્લેખ છે. દેવપત-ખેવપત બંધુ બેલડીએ પાંચ ઠેકાણે ગુફાઓમાં મૂર્તિઓ બિરાજમાન કરેલી તેમાંનું આ એક સ્થળ છે. શહેરની ધમાલથી દૂર અને ભોંયરામાં આવેલું હોવાથી મંદિર બહુ રમ્ય લાગે છે. ધર્મશાળાની વ્યવસ્થા પણ છે.




## ૨૨. પપૌરાજી–

દિગંબર માન્યતા પ્રમાણે એ અતિશયક્ષેત્ર છે. ઘણા ભક્તો અહીં આવી બીમારીમાંથી મુક્તિ મેળવે છે. એક જ ચોગાનમાં ૧૦૮ મંદિર છે એટલે મંદિરોની નગરી કહેવાય છે. મંદિર નં.૨૩માં ભોંયરામાં




સં.૧૨૦૨ની શ્રી આદિનાથ ભગવાનની કૃષ્ણવર્ણીય બહુ સૌમ્યમૂર્તિ છે, અને મંદિર નં.૩૫માં ચંદ્રપ્રભુની ખડ્ગાસનમાં ભવ્ય મૂર્તિ છે.

મંદિર નં. ૭૫ દરવાજા ઉપર મંદિરમાં નેમિનાથ પ્રભુની કૃષ્ણવર્ણીય ભવ્ય પદ્માસનસ્થ મૂર્તિ છે. એ મંદિરમાં પથ્થરમાં સૂક્ષ્મ કોતરકામ બહુ જ સુંદર છે. અમુક મૂર્તિઓ દેવગઢની સમકાલીન એટલે કે તેરમી સદીની લાગે છે, બાકી ૧૫૦-૨૦૦ વર્ષ જૂની છે. મંદિરોના દર્શન કરતાં ૨ થી ૨-૩૦ કલાક લાગે છે. એકાંત જંગલમાં આ સ્થાન આવેલું છે. ધર્મશાળા અને ભોજનશાળાની સારી વ્યવસ્થા છે. ટિકમગઢથી સાગર રોડ ઉપર પપૌરાજી પાંચ કિ.મી. દૂર છે.

## ૨૩. અહારજી–

શ્રી મલ્લિનાથ ભગવાનના સમયમાં મદનકુમાર કેવલીનું નિર્વાણ અહીં થયું હતું તેથી સિદ્ધક્ષેત્ર ગણાય છે. પ્રાચીન નામ મદનેશપુર હતું. પછી શ્રી પાડાશાહ શ્રેષ્ઠીના હાથે અનેક મુનિઓના અહીં પારણા (આહાર) થયા હતા, તેથી અહારજી નામ પડ્યું લાગે છે. મુખ્ય મંદિરમાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની ૧૮ ફૂટ ઊંચી ભવ્ય અને મનોજ્ઞ ધ્યાનસ્થ મૂર્તિ છે જે સંવત્ ૧૨૩૭માં શ્રી પાડાશાહ શ્રેષ્ઠી દ્વારા પ્રતિષ્ઠિત કરેલી છે. એના પર ૭૨ તોલા પન્નાની પોલિશ કરાવેલી છે. એની એક બાજુની મૂર્તિ પણ એ જ વખતની છે, બીજી બાજુની મૂર્તિ ખંડિત થઈ જવાથી નવી આરસની મૂર્તિ સ્થાપિત કરેલી છે. શ્રી શાંતિનાથ, શ્રી કુંથુનાથ, શ્રી અરનાથ–એ ત્રણ તીર્થંકર-ચક્રવર્તીઓની મૂર્તિઓ મૂળ ગભારામાં છે, અને ચારે બાજુ વર્તમાન ચોવીશી, અતીત ચોવીશી, અનાગત ચોવીશી (જે સંભવતઃ બીજે


ક્યાંય નથી) અને વિહરમાન વીશી-એ બધા ભગવાનની મૂર્તિઓ જુદા-જુદા ગોખમાં સ્થાપિત કરેલી છે. એ મંદિર ખરેખર દર્શનીય છે.

અહીં એક જ શિલાથી બનેલો માનસ્તંભ પણ દર્શનીય છે. અહીં સાહૂ શાંતિપ્રસાદ જૈન દ્વારા નિર્મિત સંગ્રહાલય પણ છે જ્યાં અગિયારમી સદીની અને સં.૧૨૩૬ની ઘણી ખંડિત મૂર્તિઓ છે. એ જ ચોગાનમાં બીજા ૧૨ મંદિર છે. મંદિરથી ૧ કિ.મી. દૂર એક પર્વત પર મદનેશકુમાર અને વિષ્કંબલ કેવલીનાં નિર્વાણસ્થળ છે અને ત્યાં એક પ્રાચીન મંદિર પણ છે.

ધર્મશાળા અને ભોજનશાળાની સુવિધા છે.

## ૨૪. ખજુરાહો–

દિગંબર માન્યતા પ્રમાણે એ અતિશયક્ષેત્ર ગણાય છે. અહીંના જૈનમંદિરોનું નિર્માણ વિક્રમની નવમી સદીથી બારમી સદીમાં ચંદેલ રાજાઓના રાજ્યકાળ દરમિયાન થયું હતું. જૈન શ્રેષ્ઠી પાહિલે વિ.સં. ૧૦૧૧માં વિશાલ અને મનોહર પાર્શ્વનાથ મંદિરનું અહીં નિર્માણ



ખજુરાહો ગાઈડ મેપ

કરાવ્યું હતું. એ મંદિર જેને ક્રમાંક ૧૨ આપેલો છે, સૌથી પ્રાચીન છે અને કલાસૌષ્ઠવની દૃષ્ટિએ સર્વશ્રેષ્ઠ છે. એમાં બેવડું શિખર છે, જે બહુ ઓછા સ્થળે જોવા મળે છે. ગભારાની બહાર, મંદિરની બહાર અને શિખર ઉપર ઝીણું કોતરકામ છે. પ્રસિદ્ધ પુરાતત્ત્વવેત્તા ફર્ગ્યુશનના શબ્દોમાં—"આખા મંદિરનું નિર્માણ એટલી સુંદર કાર્યદક્ષતાની સાથે કરવામાં આવ્યું છે કે સ્થાપત્ય-કલામાં આવી સુંદર અને અજોડ રચના બીજે મળી શકે તેમ નથી. આ મંદિરનો અત્યંત સુંદર આકાર અને શિખર સંયોજનની રચના તથા સૂક્ષ્મ કારીગરીની સમૃદ્ધિ અજોડ છે."

મંદિર નં.૧ મુખ્ય મંદિર છે જેમાં શાંતિનાથ ભગવાનની ૧૨ ફૂટ ઊંચી બારમી સદીની ધ્યાનસ્થ પ્રતિમા છે. એ મૂર્તિ મનોજ્ઞ અને અતિશયવાળી મનાય છે. એ મંદિરના જ એક વિભાગમાં જૈનકલાની ચિત્ર-પ્રદર્શની ગોઠવેલી છે જેમાં વિવિધ સ્થળોની જૈન મૂર્તિઓ તેમજ મંદિરો વગેરેના ચિત્રો સંગ્રહિત છે. શ્રી આદિનાથ મંદિર તેના ઊંચા શિખરની સાદાઈ અને કળશની ભવ્યતા માટે પ્રસિદ્ધ છે.

ચંદેલ શાસકોના સમયમાં અહીં ૮૫ જૈન મંદિરો હતા. હાલમાં અહીં એક જ ચોગાનમાં નાના-મોટા ૩૩ મંદિરો છે, જેમાં ૨૦ મંદિરો શિખરબંધી છે. કળાની દૃષ્ટિએ અહીંની મૂર્તિઓ દેવગઢની સમકાલીન લાગે છે. કેશકળા, ભગવાનની આજુ-બાજુ બે ચમરધારી ઇંદ્ર, ભામંડળ, દેવદુંદુભિ, ત્રણ છત્ર વગેરે દર્શનીય છે.

## સંકેતસૂચિ


- રાષ્ટ્રીય ધોરી માર્ગ
- અન્ય માર્ગ
- ★ તીર્થસ્થળ

# મધ્ય ભારતના તીર્થસ્થળ દર્શાવતો નક્શો

**સ્કેલ**

1 cm = 36 km.

**(૧ સેમી. = ૩૬ કિમી.)**



કંપાઉન્ડની બહાર એક સંગ્રહાલય છે જેમાં પ્રાચીન ભગ્નાવશેષોનો સંગ્રહ છે. ધર્મશાળા અને ભોજનશાળાની સુવિધા છે. ખજૂરાહો બસ-સ્ટેંડથી જૈન મંદિરો ૧ાા-૨ કિ.મી. દૂર આવેલા છે.

બસ સ્ટેંડ પાસે એક જ ચોગાનમાં ૫-૭ હિંદુ મંદિરો અને સંગ્રહાલય આવેલા છે. એ મંદિરોમાં અંદર અને બહાર અશ્લીલ મૂર્તિઓ દ્વારા કામકળા પ્રદર્શિત કરેલી છે. ઘણા વિદેશી લોકો એ જોવા માટે અહીં આવે છે. એ મોટું પર્યટન-કેંદ્ર ગણાય છે અને અહીં એરોડ્રોમ પણ છે. છત્તરપુરથી ૪૮ કિ.મી. દૂર છે.

## ૨૫. દ્રોણગિરિ–

સેંધપા ગામની પાસે એક નાની પહાડી ઉપર એ તીર્થ આવેલું છે. ૨૩૨ પગથિયા છે અને ઉપર ૨૭ મંદિર નજીક નજીક આવેલા છે. મંદિર નં. ૨૭માં સં.૧૫૪૮ની મૂર્તિઓ છે અને મંદિર નં.૨૮માં ગુરુદત્ત કેવલીના પાદુકાજી છે. અહીંથી ૩½ કરોડ મુનિ મોક્ષે ગયા છે, માટે શ્રી ગણેશપ્રસાદજી વર્ણી આ સિદ્ધક્ષેત્રને નાનું સમ્મેદશિખર કહેતા. પહાડ ઉપર જઈને દર્શન કરી આવતા લગભગ બે કલાક જેટલો સમય લાગે છે. આ પહાડ વિષે એક એવી દંતકથા પણ પ્રચલિત છે કે હનુમાનજી ઘાયલ લક્ષ્મણજી માટે આ પર્વત ઉપરથી સંજીવની બૂટી લઈ ગયા હતા. ધર્મશાળા અને ભોજનશાળાની સગવડ છે.

તળેટીમાં બે મંદિર છે–એક ધર્મશાળાની સામે અને બીજું

અર્ધો કિલોમીટર દૂર મેઈન રોડ ઉપર ઉદાસીન આશ્રમની સામે. એ મંદિરમાં ૮૦'×૮૦'ના વિશાળ સભાખંડની વચ્ચે ગર્ભગૃહમાં શ્રી પાર્શ્વનાથ ભગવાન અને ચારે બાજુ ૨૪ દેરીઓમાં વર્તમાન ચોવીશી પ્રતિષ્ઠિત છે. બડા મલહરાથી ૭ કિ.મી. અંદર આવેલું છે.

## ૨૬. નૈનાગિરિ (રૈષંદીગિરિ)–

અહીં પાર્શ્વનાથ ભગવાનનું સમવસરણ રચાયેલું કહેવાય છે અને સમવસરણમાં બેઠેલા મુનીંદ્રદત્ત, ઇંદ્રદત્ત, વરદત્ત, ગુણદત્ત અને સાગરદત્ત મુનિઓએ અહીં તપ કરી નિર્વાણ પ્રાપ્ત કર્યું હોવાથી સિદ્ધક્ષેત્ર ગણાય છે. અહીં તળેટીમાં ૧૪ મંદિર છે જેમાં સં.૧૫૪૮ની ઘણી મૂર્તિઓ છે.

ધર્મશાળાથી એકાદ ફર્લાંગ દૂર નાની પહાડી ઉપર નં.૩ થી ૩૯ (એટલે ૩૭) મંદિર આવેલા છે. વચ્ચે જલમંદિર અને સમવસરણ મંદિર (પાર્શ્વનાથ ભગવાનના સમવસરણના પ્રતીકરૂપે સન ૧૯૮૭માં નિર્મિત) આવે છે. પહાડી ઉપર મંદિર નં.૩૯ મુખ્ય મંદિર છે જે બહુ વિશાલ અને સુંદર છે. એમાં પાર્શ્વનાથ ભગવાનની ૧૬ ફૂટ ઊંચી બાદામી (ગુલાબી) રંગની ભવ્ય અર્વાચીન પ્રતિમા છે અને ચારે બાજુ ચોવીશીની દેરીઓ અને વરદત્તાદિ પાંચ કેવલીઓની ધ્યાનસ્થ પ્રતિમાઓ છે. મંદિર નં.૩૫માં મહાવીર ભગવાનની મૂર્તિ અતિશયવાળી મનાય છે. મંદિર નં.૩૭માં ઘણી પ્રાચીન મૂર્તિઓનો સંગ્રહ છે. આ તીર્થ પાર્શ્વનાથ ભગવાનના વખતનું છે પણ સદીઓ

સુધી અલોપ રહ્યું. આજથી બસો વર્ષ પહેલા ચૌધરી શ્યામલાલજીને આવેલ સ્વપ્નને આધારે ખોદકામ કરતા વિ.સં. ૧૧૦૯ની મૂર્તિઓ અને મંદિર જમીનમાંથી નીકળ્યા હતા.

પહાડી પર જઈ દર્શન કરી આવતા લગભગ એક કલાક જેટલો સમય લાગે છે. ધર્મશાળા અને ભોજનશાળાની વ્યવસ્થા છે. તીર્થની બાજુમાં રેષન્દીગિરિ નામે નાનું ગામડું છે. અહીંનું કુદરતી સૌંદર્ય મનોહર છે. દલપતપુરથી ૧૩ કિ.મી. અંદર આ તીર્થ આવેલું છે.

## ૨૭. કુંડળપુર–

મહાવીર ભગવાનના ૭૦૦ કેવલીઓમાં છેલ્લા શ્રુતકેવલી શ્રીધરસ્વામીનું એ નિર્વાણક્ષેત્ર છે એવી દિગંબર માન્યતા છે, તેથી એ સિદ્ધક્ષેત્ર છે. શ્રીધર કેવલીના પાદુકાજી પણ અહીં પ્રતિષ્ઠિત છે. પહાડી ઉપર ૪૬ મંદિર બહુ દૂર દૂર છે, તેમજ ચઢાવ પણ ખાસ્સો છે, પણ બધે સળંગ દર્શન કરતા તો બે કલાક જ લાગે. મંદિર નં.૨૧ મુખ્ય મંદિર છે જે ''બડે બાબાકા મંદિર'' નામે પ્રખ્યાત છે. એમાં મહાવીર ભગવાનની ૧૫ ફૂટ ઊંચી પદ્માસન મુદ્રામાં બહુ પ્રાચીન પ્રતિમા છે. એવી ઊંચી પદ્માસનસ્થ પ્રતિમા સંભવતઃ બીજે ક્યાંય નથી. એ પ્રતિમા રમ્ય અને અતિશયવાળી મનાય છે. ઘણા લોકો માનતા માટે અહીં આવે છે. એ ગર્ભગૃહમાં બીજી પણ ઘણી પ્રાચીન દસમી-બારમી સદીની પ્રતિમાઓ દિવાલો પર પ્રતિષ્ઠિત છે, પહાડી પરના મંદિરો સવારે ૫-૦૦ થી ૧૧-૦૦ વાગ્યા સુધી

જ ખુલ્લા રહે છે, પણ મુખ્ય મંદિર (બડે બાબાકા મંદિર) તો રાત્રે ૯-૦૦ સુધી ખુલ્લું રહે છે. મુખ્ય મંદિર સુધી રોડ રસ્તે નાનું વાહન પણ જઈ શકે છે.

પહાડનો આકાર કુંડલ જેવો હોવાથી આ તીર્થનું નામ કુંડલપુર પડ્યું લાગે છે.

તળેટીમાં ૨૦ મંદિર એક જ ચોકમાં આવેલા છે અને સમવસરણ મંદિર નવું બન્યું છે. તળેટીમાં મંદિરસમૂહની સામે વર્ધમાનસાગર નામે વિશાલ સરોવર આવેલું હોવાથી અને ત્રણ બાજુ કુંડલાકારે પર્વત આવેલો હોવાથી અહીંની પ્રાકૃતિક સુષમા બહુ જ રમ્ય અને ચિત્તાકર્ષક છે. એ તીર્થ જંગલમાં આવેલું છે. દમોહથી ૩૭ કિ.મી. દૂર છે. ધર્મશાળા અને ભોજનશાળાની વિશિષ્ટ સગવડ છે.

## ૨૮. સાગર–

સાગર શહેરમાં કુલ ૧૭ મંદિર છે, પણ મુખ્ય મંદિરો-(૧) વર્ણી સ્મારક ભવન, મોરાજી–એમાં વિશાલ સભાખંડમાં નીચે ક્ષુલ્લક શ્રી ગણેશપ્રસાદજી વર્ણીની પંચધાતુની શરીરપ્રમાણ મૂર્તિ બિરાજમાન છે, બીજે માળે શ્રી બાહુબલીજીની મૂર્તિ અને ત્રીજે માળે શ્રી શાંતિનાથ ભગવાનની મૂર્તિ પ્રતિષ્ઠિત છે. છાત્રાવાસ અને ધર્મશાળા પણ સાથે જ છે. બહારના રસ્તે ત્યાં વાહન જઈ શકે છે. (૨) ચૌધરનબાઈ દિગંબર જૈન મંદિર, (૩) કાકાગંજનું મંદિર (૪) કટરાનું મંદિર (૫) ચમેલી ચોકનું મંદિર.

## ૨૯. ગ્યારસપુર–

સાગરથી ભોપાલ જતાં વિદિશાથી ૩૮ કિ.મી. પહેલા આ સ્થળ આવે છે. આ પ્રાચીન નગર અને કલા તીર્થ છે. કેટલાક વિદ્વાનો એને શીતલનાથ પ્રભુની તપોભૂમિ અને કલ્યાણક ક્ષેત્ર માને છે. ગામમાં અંદર અને બહાર ભગ્નાવશેષ વેરાયેલા પડ્યા છે. ગામ પાસે એક પહાડી પર માલાદેવીનું મંદિર છે અને પાસે ચોકમાં વજ મઠ છે. એ બન્ને પ્રાચીન જૈન મંદિરો છે. ગામમાં એક ચૈત્યાલય પણ છે. કલાની દૃષ્ટિએ એ ત્રણે મંદિર ઉચ્ચ કોટિના છે. આ માળાદેવી જૈનમંદિરમાંથી એક સુરસુંદરીની મૂર્તિ પ્રાપ્ત થઈ હતી જેને વિશ્વમૂર્તિકલા-પ્રતિયોગિતામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું હતું. ધર્મશાળા નથી.

## ૩૦. વિદિશા–

પૂર્વે આનું નામ ભેલશા, ભદ્રપુર, ભદ્દિલપુર વગેરે અને પ્રાચીનકાળમાં દશાર્ણ દેશની રાજધાની હોવાનો ઉલ્લેખ છે. વેત્રવતી (બેતવા) નદીના તટ પર આ ગામ છે. એક માન્યતા અનુસાર શીતલનાથ ભગવાનના ત્રણ કલ્યાણક (ચ્યવન, જન્મ અને દીક્ષા) અહીં થયાનો ઉલ્લેખ છે અને બાકીના બે કલ્યાણક ગ્યારસપુર કે જે એનો જ એક ભાગ હતો ત્યાં થયા છે. અહીં નેમિનાથ ભગવાન પધાર્યાનો અને મહાવીર પ્રભુનું પાંચમું ચાતુર્માસ થયાનો ઉલ્લેખ છે. હાલમાં ઉદયગિરિ પહાડ નજીક ઉત્ખનન વખતે અદ્‌ભુત જૈન પ્રતિમાઓ પ્રાપ્ત થઈ છે. વિદિશાના ભગ્નપ્રાય કિલ્લામાં મુનિસુવ્રત

સ્વામીનું પ્રાચીન મંદિર આવેલું છે. હાલમાં આ સિવાય એક શ્વે. મંદિર અને ૧૦ દિ.મંદિરો છે. ધર્મશાળા અને ભોજનશાળા આયોજન હેઠળ છે.

## ૩૧. ઉદયગિરિ–

વિદિશાથી ૬ કિ.મી. દૂર આ સ્થાન આવેલું છે. અહીં ૨૦ ગુફાઓ છે જેમાં નં.૧ તથા નં.૨૦ જૈન ગુફાઓ છે. ગુફા નં.૧ ડાબી બાજુ બીજા પર્વત ઉપર છે જેમાં એક પ્રાચીન મૂર્તિ છે. ગુફા નં.૨માં છઠ્ઠી સદીની બે સુંદર પણ ખંડિત મૂર્તિઓ છે અને બ્રાહ્મી લિપિમાં પ્રાચીન શિલાલેખ પણ છે. ચાવી ચોકીદાર પાસે હોય છે.

ઉદયગિરિથી ભોપાલ જતાં ૧૦ કિ.મી. પછી સાંચી આવે છે. ત્યાં સમ્રાટ અશોક નિર્મિત પ્રાચીન બૌદ્ધ સ્તૂપ છે. છેક સુધી બસ જાય છે. સાંજે ૬-૦૦ વાગ્યા સુધી ટિકીટ લઈને જોઈ શકાય છે.

## ૩૨. ઉજ્જૈન (અવંતિ પાર્શ્વનાથ)–

આ નગરીનું પ્રાચીન નામ અવંતિકા હતું. મુખ્ય મંદિર શ્રી અવંતિ પાર્શ્વનાથનું છે. એ મંદિરમાં સિદ્ધસેન દિવાકરે કલ્યાણમંદિર સ્તોત્રની રચના કરી શિવલિંગમાંથી અવંતિ પાર્શ્વનાથની મૂર્તિ પ્રગટ કરી વિક્રમ રાજાને પ્રતિબોધ પમાડ્યો હતો, તે મૂર્તિ પ્રતિષ્ઠિત કરેલી છે. મૂળ પ્રતિમા અવંતિસુકુમાલના પુત્રે પોતાના પિતાની સ્મૃતિમાં ભરાવેલી એમ કહેવાય છે. એ મંદિરની સાથે ધર્મશાળા પણ છે, જેનું સરનામું–''શ્રી અવંતિ પાર્શ્વનાથ તીર્થ, અનંત પેઠ, દાની

દરવાજા, ઉજ્જૈન.'' એ મંદિર ગામના પાદરે આવેલું છે અને ત્યાંથી એકાદ ફર્લાંગ દૂર ક્ષિપ્રા નદી કલકલ કરતી વહે છે. અહીં ધર્મશાળા અને ભોજનશાળાની વ્યવસ્થા છે.

એ મંદિરથી ½ કિ.મી. દૂર નમકમંડી, ખારાકુંઆમાં શ્રી નવપદ લક્ષ્મીનિવાસ જૈન ધર્મશાળા પાસે એક જ ચોગાનમાં પાંચ શ્વેતાંબર મંદિરો આવેલા છે. અહીં એક ભોંયરું અગિયાર લાખ વર્ષ જૂનું કહેવાય છે અને પ્રતિમાજી અગિયાર હજાર વર્ષ પ્રાચીન મનાય છે. મુનિસુવ્રત ભગવાનના વખતમાં એ જ સ્થળે શ્રીપાળ રાજાનો કોઢ દૂર થયો હતો એમ કહેવાય છે. એ મંદિરમાં સિદ્ધચક્રનું યંત્ર આરસ-પાષાણમાં કોતરીને બનાવેલું છે. એ મંદિરની સામેની ગલીમાં બે માળનું એક મોટું દિગંબર દેરાસર છે જેમાં ઘણી પ્રાચીન પ્રતિમાઓ છે. દૌલતગંજમાં શ્રી શીતલનાથ ભગવાનનું કાચનું મંદિર પણ સુંદર છે. હાસમપુરા જતાં રસ્તામાં જેસિંહપુરામાં એક દિગંબર મંદિર આવે છે જેની પાછળ એક સંગ્રહાલય છે જેમાં ત્રીજીથી સોળમી સદીની ઘણી ખંડિત મૂર્તિઓ સંગ્રહિત છે.

ઉજ્જૈન-ઇંદોર રોડ ઉપર ઉજ્જૈનથી ૧૦ કિ.મી. દૂર બડનગર બાયપાસ પર શ્રી મહાવીર તિરાહા પાસે **મહાવીર તપોભૂમિ** નામે નવું દિગંબર તીર્થ થયું છે જ્યાં બધી સુવિધા છે.

## ૩૩. હાસમપુરા (અલૌકિક પાર્શ્વનાથ)–

ઉજ્જૈનથી ૧૪ કિ.મી. દૂર આવેલ આ તીર્થ વિક્રમની દસમી સદી પહેલાનું મનાય છે. પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા સંવત

૧૬૫૮માં પ્રતિષ્ઠિત થયેલી છે. મૂર્તિની વિશેષતા એ છે કે સર્પની ફણા બેઠી ઢબની છે અને ભગવાનને ભુજબંધ પણ પહેરાવેલા છે. બારમી સદીની ધાતુની ચોવીશી, ૧૧ મી સદીનું પૂર્ણ પરિકર, કલાત્મક પ્રસ્તર ખંડ વગેરે દર્શનીય છે. એ મંદિરનો હાલ જીર્ણોદ્ધાર થયો છે. એ શ્વેતાંબર તીર્થ છે.

કહેવાય છે કે રાજા વિક્રમાદિત્યના વખતમાં આ ઉજ્જૈની નગરીનો એક મહોલ્લો હતો અને રાજા વિક્રમાદિત્યનો મહેલ અહીં હતો.

## ૩૪. બનેડિયાજી–

એ દિગંબર અતિશય ક્ષેત્ર ગણાય છે. એ મંદિરનું શિલ્પ જુદી જાતનું છે–ષટ્કોણ આકારનું મંદિર છે. મંદિર અને મૂર્તિઓ પ્રાચીન છે. નાના ગામમાં એ તીર્થ આવેલું છે. ઇંદોરથી દેપાલપુર થઈને બનેડિયા જવાય છે.

## ૩૫. ગોમ્મટગિરિ–

ઇંદોરથી ૮ કિ.મી. દૂર બનેડિયા રોડ ઉપર એ દિગંબર તીર્થ આવેલું છે. એક નાની ટેકરી ઉપર શ્રી બાહુબલીજીની ૨૧ ફૂટ ઊંચી ધ્યાનસ્થ પ્રતિમા વિરાજમાન છે અને એની પાછળ એક જ લાઈનમાં ૨૪ તીર્થંકરોના શિખરબંધી મંદિરો આવેલા છે. સ્થળ દર્શનીય અને એકાંતમાં આવેલું છે. સન્ ૧૯૮૬માં આનો પંચકલ્યાણક મહોત્સવ થયેલો છે. ઉપર જવા માટે ૧૨૫ પગથિયા છે અને પાછલના રસ્તેથી વાહન માટે રોડ પણ છે. ધર્મશાળા-ભોજનશાળાની સુવિધા છે.

## ૩૬. હ્રીંકાર તીર્થ–

ઇંદોરથી પાંચેક કિ.મી. દૂર નવું જ તીર્થ ઇંદોર અને ગોમ્મટગિરિની વચ્ચે આવેલું છે. ગોમ્મટગિરિથી બે કિ.મી. દૂર અને એરપોર્ટની પાસે આવેલું છે. એક હોલમાં વચ્ચે મૂળનાયક પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ છે અને ચારે બાજુ ચોવીશ ભગવાનની મૂર્તિઓ છે. આ શ્વેતાંબર તીર્થ છે અને ધર્મશાળા તથા ભોજનશાળાની સારી વ્યવસ્થા છે. વાહન ઠેઠ સુધી આવી શકે છે.

## ૩૭. ઇંદોર–

ઇંદોર શહેરમાં ૬૬, વીર સાવરકર માર્કેટમાં હાલ શ્રીમદ્ રાજચંદ્ર મંદિર બન્યું છે જ્યાં તા.૨૧-૨-૯૪ના રોજ પ.કૃ.દેવ, પ્રભુશ્રીજી તથા પૂ. બ્રહ્મચારીજીના ચિત્રપટોની સ્થાપના થયેલ છે.

શેઠ હુકમીચંદનું કાચનું મંદિર ખાસ જોવાલાયક છે. એવું મંદિર ભારતમાં તો શું, દુનિયામાં પણ ક્યાંય નહીં હોય. દિવાલો પર સાત વ્યસનનું ફળ, લોકનું સ્વરૂપ, તીર્થસ્થળો, મહાપુરુષોના જીવન-ચરિત્રો વગેરે કાચના પટોમાં દર્શાવેલા છે. કાચમાં અનેક સુવાક્યો પણ લખેલા છે. છત(Ceiling)માં પણ કાચ જડેલા છે. જૈનો માટે એ મંદિર સવારના ૮-૦૦ થી રાત્રે ૯-૩૦ સુધી ખુલ્લું રહે છે. પર્યટકો માટે સવારના ૧૧-૦૦ થી સાંજે ૪-૦૦ સુધીની સમયમર્યાદા છે. લગભગ ૯૦ વર્ષ જૂનું બે માળનું મંદિર છે.

કાચના મંદિરની નજીક જ શક્કર બજારમાં ત્રણ દિગંબર મંદિરો પાસે-પાસે જ આવેલા છે. આ મંદિરો બહારથી જ રાજમહેલ જેવા ભવ્ય દેખાય છે. નજીકમાં બડા સરાફામાં બે શ્વેતાંબર મંદિર પણ છે. મલ્હારગંજમાં શ્રી નેમિનાથ ભગવાનનું દિગંબર મંદિર છે. એ સિવાય શહેરમાં ઘણા મંદિરો છે.


ઇંદોર દર્શન કરવા હોય તો હ્રીંકાર તીર્થ અથવા ગોમ્મ્ટગિરિમાં રહેવું સુવિધાજનક છે.

## ૩૮. ભોપાવર–

મહી નદી પાસે ભોપાવર ગામમાં એ તીર્થ આવેલું છે. એવી દંતકથા પ્રચલિત છે કે રૂક્મિણીનું શ્રીકૃષ્ણે અપહરણ કર્યું, ત્યારે રૂક્મિણીના ભાઈ શ્રી રૂક્મણકુમારે શ્રીકૃષ્ણ સાથે અહીં યુદ્ધ કર્યું હતું. યુદ્ધમાં પરાજય થવાથી રૂક્મણકુમાર અહીં જ રહ્યા અને એક ભવ્ય જિનાલયનું નિર્માણ કર્યું. હાલ મંદિરમાં શ્રી શાંતિનાથ ભગવાનની શ્યામવર્ણની પ્રતિમા છે જે કાયોત્સર્ગ મુદ્રામાં છે અને ૧૧-૧૨ ફૂટ ઊંચી છે. ભીલ લોકો એ મૂર્તિને કાલા બાબા અને બામણાદેવના નામે પૂજે છે. એ મૂર્તિ નેમિનાથ ભગવાનના સમયની એટલે કે ૮૪૦૦૦ વર્ષ જૂની કહેવાય છે. મંદિરમાં કાચ, સીપ અને મીનાકારી કામ બહુ જ સુંદર અને કલાયુક્ત લાગે છે. મંદિરના ઉપરના ખંડમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ તથા ૧૦ ભવના પટો બનાવેલા છે. ધર્મશાળા, ભોજનશાળાની સુવિધા છે.

## ૩૯. અમીઝરા–

અમીઝરા ગામની વચ્ચે આ તીર્થ આવેલું છે. મંદિરમાં પાર્શ્વનાથ ભગવાનની સૌમ્ય મૂર્તિની સં. ૧૫૪૮ની સાલમાં પ્રતિષ્ઠા




થયેલ છે. ગામનું પ્રાચીન નામ કુંદનપુર હતું પણ ભગવાનની પ્રતિમાથી અમૃતરૂપી અમી ઝરતું રહેવાને કારણે અમીઝરા પાર્શ્વનાથ નામ પડ્યું, અને કાળાંતરે ગામનું નામ પણ અમીઝરા પડ્યું. ત્યાં ધર્મશાળા છે. આ તીર્થ મોહનખેડાથી ૨૫ કિ.મી. અને ધારથી ૩૨ કિ.મી. દૂર છે.

## ૪૦. માંડવગઢ–

માંડવદુર્ગ જે આજે માંડુના નામની ઓળખાય છે, ભારતનું એક

અને ૭ લાખથી વધુ જૈનોની વસ્તી હતી. નવા આવનાર દરેક જૈનબંધુને પ્રત્યેક ઘરમાંથી એક સોનામહોર અને એક ઇંટ અપાતી હતી. આવું ત્યાંનું સાધર્મીવાત્સલ્ય હતું. શ્રી સંગ્રામ સોની જે અહીંના રાજાનો ખજાનચી હતો, તેના દ્વારા વિ.સં.૧૪૭૨માં સુપાર્શ્વનાથ ભગવાનના મંદિરની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

ઈસાની ૧૩મી સદીથી ૧૭મી સદી દરમિયાન અહીં અનેક શૂરવીર અને દાનવીર મંત્રીઓ તથા શ્રાવકો થયા હતા—મંત્રી પેથડશાહ, ઝાંઝણશાહ, જાવડશાહ, પુંજરાજ, મુંજરાજ, દિવાન જીવન, મેઘરાજ આદિ, અને એમણે પોતાની અઢળક સંપત્તિનો સદુપયોગ કરી અનેક મંદિરો બંધાવ્યા હતા. આજે અહીં એક પ્રાચીન મંદિર છે જેમાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાન છે. એક નવું મંદિર બન્યું છે જેમાં શ્રી સુપાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ પ્રતિષ્ઠિત કરી છે. ભોજનશાળા અને ધર્મશાળાની સુવિધા છે. થોડે દૂર એક દિગંબર મંદિર પણ છે. ઠેઠ સુધી પાકો રોડ છે અને બસ મંદિર સુધી જાય છે.

મંદિરના પરિસરમાં જ ભવ્ય આગમમંદિર, જંબૂદ્વીપ, સમ્મેદ-શિખરજી અને પાલીતાણાની રચના દર્શનીય છે. એક ગર્ભગૃહમાં ૩૦૦૦ વર્ષ પ્રાચીન નીલવર્ણી પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિ પ્રતિષ્ઠિત છે.

આજુ-બાજુ પ્રાચીન ઐતિહાસિક સ્થળો ઘણા છે જે પ્રાચીન વૈભવની યાદી આપે છે. રૂપરાણીનું મહેલ, બાજ-બહાદુરનું ખંડિયેર મહેલ, જહાજમહલ, હિંડોલામહલ, વિશાલ સરોવર, પ્રતિધ્વનિ બિંદુ (Echo Point) ઇત્યાદિ સ્થળો જોવાલાયક છે.

## ૪૧. કાગદીપુરા–

ધાર-માંડવગઢ રોડ પર ધારથી ૨૪ કિ.મી. દૂર નાલછા ગામ પાસે આ તીર્થ આવેલું છે. આ તીર્થ છોટા મહાવીરજીના નામથી પ્રખ્યાત છે. આ દિગંબર અતિશય ક્ષેત્ર છે. ઈ.સ.૨૦૦૭થી ભવ્ય જિનાલયનું કામ ચાલુ છે. પ્રતિમા ભૂગર્ભમાંથી પ્રાપ્ત થયેલ છે અને ચમત્કારી મનાય છે. ધર્મશાળા-ભોજનશાળા નિર્માણાધીન છે.

## ૪૨. ધાર–

ઈ.સ. ૨૦૦૩માં 'શ્રી ભક્તામર મહાતીર્થ અભ્યુદય ધામ' નામે નવું શ્વેતાંબર તીર્થ વિકસિત થયેલ છે. અમદાવાદ-ઇંદોર હાઈવે પર ધારથી ૪ કિ.મી. પહેલા આ તીર્થ મેઈન રોડ પર આવેલું છે.

કવિ ધનપાલ ભોજરાજાના સમયમાં થઈ ગયા. શ્રી માનતુંગાચાર્યે ભક્તામર સ્તોત્રની રચના આ નગરીમાં જ કરી હતી. ભક્તામર સ્તોત્ર શ્રી આદિનાથ પ્રભુની સ્તુતિ છે. તેને અનુસરીને અહીં મૂળનાયક શ્રી આદિનાથ ભગવાનની ૧૦ ફૂટ ઊંચી સપરિકર પ્રતિમા સ્થાપિત કરેલ છે. કહેવાય છે કે ભગવાને ચાર મુષ્ટિ લોચ જ કર્યો હતો એટલે પાછળના વાળ આજીવન ભગવાનના ખભા પર ઝૂલતા રહ્યા હતા, તે પ્રમાણે અહીં ભગવાનના ખભા પર વાલ ઝૂલતા દર્શાવ્યા છે. મંદિર કમલાકાર બનાવ્યું છે અને ચારે બાજુ ૪૪ દેરીઓ છે જેમાં ૨૪ તીર્થંકર અને ૨૦ વિહરમાન ભગવાનની પ્રતિમાઓ પ્રતિષ્ઠિત થયેલી છે. ભોજનશાળા, ધર્મશાળાની આધુનિક સગવડ છે.

ધાર એટલે ભોજરાજાની ધારાનગરી. ગામમાં મહાવીરમાર્ગ પર ૧૩મી સદીનું પ્રાચીન મંદિર છે અને બીજા બે મંદિર પણ છે.

## ૪૩. આહૂ–

ધારથી ૧૩ કિ.મી. દૂર આ ક્ષેત્ર આવેલું છે. ધાર બાયપાસથી ધાર-ઝાંબુઆ રોડ પર ૫ કિ.મી. દૂર છે. આ દિગંબર જૈન અતિશય ક્ષેત્ર છે. પ્રતિમા પાંચસો વર્ષ પ્રાચીન છે.

## ૪૪. મોહનખેડા–

એ સ્થળ હાલમાં જ વિકસિત થયેલું છે. ત્રિસ્તુતિ સંઘના મૂળ પ્રવર્તક શ્રી રાજેન્દ્રસૂરીજીનું સમાધિસ્થાન રાજગઢમાં છે અને રાજગઢથી ત્રણ કિલોમીટર દૂર જંગલમાં એમનો અગ્નિસંસ્કાર કરેલો તેની સ્મૃતિરૂપે સર્વપ્રથમ ગુરુમંદિર બનાવેલું. પછીથી નજીકમાં મોટું શ્વેતાંબર દેરાસર બનાવ્યું અને શ્રી રાજેન્દ્રસૂરીજીના શિષ્ય મોહનવિજયજીના નામ ઉપરથી મોહનખેડા નામે પ્રસિદ્ધ થયું. ધર્મશાળા, ભોજનશાળાની આધુનિક સુવિધા છે. મોહનખેડાની બહાર જયંતસેન મ્યુઝિયમ બનેલ છે જે દર્શનીય છે.

## ૪૫. પારોલી–

ગોધરાથી ૩૦, વડોદરાથી ૬૦ અને બોડેલીથી ૫૦ કિ.મી. દૂર આ તીર્થ આવેલું છે. પ્રતિમા વિ.સં.૧૫૪૦માં ધનેશ્વર ગામમાં હતી. મહમદ બેગડાના ભયથી નદીમાં સુરક્ષિત રાખેલી. પછી સ્વપ્નદર્શન અનુસાર શોધ કરતાં પ્રતિમા પ્રગટ થઈ અને બળદગાડામાં લઈ

જતાં અહીં અટકી ગઈ. એટલે અહીં મંદિર બનાવવામાં આવ્યું. 'સાચા દેવ શ્રી નેમિનાથ' તરીકે લોકો માને છે. ધર્મશાળા-ભોજનશાળાની સગવડ છે.

## ૪૬. પાવાગઢ–

ચાંપાનેર ગામની પાસે પહાડ પર આ દિગંબર તીર્થ આવેલું છે. શ્રી રામના પુત્ર લવ અને કુશ અહીંથી મોક્ષે ગયા હોવાથી આ સિદ્ધક્ષેત્ર કહેવાય છે. પહાડ પર સાત મંદિરો છે જેનો જીર્ણોદ્ધાર થયેલ છે. હજુ પણ બીજા કેટલાય મંદિરોના ખંડેર દેખાય છે.

તળેટીથી પગપાળા ૫ કિ.મી.નું અંતર છે. બાકી તળેટીથી માચી સુધી વાહન જાય છે અને ત્યાંથી ઉપર દૂધિયા તળાવ સુધી આકાશીય રજ્જુમાર્ગ (Aeriel Ropeway) બનેલ છે. દૂધિયા તળાવની જમણી બાજુ ૨-૩ મંદિર છે અને ડાબી બાજુ કાળકા માતાના મંદિર તરફ જતા રસ્તામાં ૪-૫ મંદિર આવે છે. અહીં કાળકા માતાની માન્યતા બહુ હોવાથી ઇતર ધર્મીઓની અવર-જવર બહુ રહે છે.


તળેટીમાં એક કોટમાં દિગંબર મંદિર અને ધર્મશાળા છે. કોટની બહાર રોડ પર એક નૂતન શ્વેતાંબર મંદિર ધર્મશાળા-ભોજનશાળાની સુવિધા સાથે બનેલ છે. આ તીર્થ વડોદરાથી ૪૨ કિ.મી. દૂર છે.

# બે તીર્થો વચ્ચેનું અંતર

**કિલોમીટરની માહિતી :-** વડોદરાથી ડભોઈ ૪૧; ● થી બોડેલી ૩૬; (વડોદરાથી પાવાગઢ થઈને પણ બોડેલી જવાય છે.) ● થી લક્ષ્મણી ૯૦; ● થી તાલનપુર ૩૫; ● થી બાવનગજા ૭૮; ● થી ઉનપાવાગિરિ ૭૮; ● થી સિદ્ધવરકૂટ ૧૧૫; ● થી ઇંદોર ૭૬; ● થી દેવાસ ૪૦; ● થી મક્ષી ૩૫; ● થી બજરંગઢ ૨૧૬; ● થી થુબૌનજી ૧૦૫; ● થી ચંદેરી ૨૦; ● થી ખંદારગિરિ ૧; ● થી સેરોનજી ૪૦;● થી લલિતપુર ૧૮; ● થી દેવગઢ ૩૧; ● થી લલિતપુર ૩૧; ● થી પાવાગિરિજી ૫૪; ● થી ઝાંસી ૫૦; ● થી કરગુંવાજી ૬; ● થી ઝાંસી ૬; ● થી સોનાગિરિ ૪૪; ● થી ગ્વાલિયર ૬૮; ● થી ઝાંસી ૧૦૩; ● થી પપૌરાજી ૧૦૧; ● થી અહારજી ૩૧; ● થી ખજુરાહો ૧૨૯; ● થી દ્રોણગિરિ ૧૦૩; ● થી નૈનાગિરિ ૮૪; ● થી કુંડલપુર ૧૫૪; ● થી સાગર ૧૨૧; ● થી ગ્યારસપુર ૭૭; ● થી વિદિશા ૩૭; ● થી ઉદયગિરિ ૧૦; ● થી સાંચી ૧૨; ● દેવાસ ૨૦૬; ● થી ઉજ્જૈન ૩૭; ● થી હાસમપુરા ૧૪; ● થી ઉજ્જૈન ૧૪; ● થી બદનાવર (બડનગર થઈને) ૬૪; ● થી મોહનખેડા ૭૪; ● થી અમીઝરા ૩૧; ● થી ભોપાવર ૧૪; ● થી મોહનખેડા ૧૪; ● થી અમદાવાદ ૩૦૦

અન્ય તીર્થો વચ્ચેનું અંતર—તાલનપુરથી મોહનખેડા ૬૯; અમીઝરાથી આહૂ ૧૫; ● થી ધાર ૧૩; ● થી કાગદીપુરા ૨૪; ● થી માંડવગઢ ૧૦; ● થી ઇંદોર ૧૦૦; ● થી હ્રીંકાર તીર્થ ૫; ઇંદોરથી ગોમ્મટગિરિ ૮; ● થી બનેડિયાજી ૩૫; ધારથી ઇંદોર ૬૦

# રતલામ-મંદસોર વિભાગના તીર્થો



આ તીર્થોનું વર્ણન તીર્થદર્શન પુસ્તકના આધારે કર્યું છે અને સ્કેલ પ્રમાણે નક્શો આપેલ છે. લેખકે એ તીર્થો જોયા નથી, એટલે બે તીર્થો વચ્ચેનું અંતર આપ્યું નથી.

## ૧. બિંબડોદ–

રતલામ શહેરથી ૪ કિ.મી. દૂર બિંબડોદ ગામમાં એક વિશાલ કોટમાં આ તીર્થ આવેલું છે. આદિનાથ ભગવાનની પ્રતિમા વિક્રમની તેરમી સદી પૂર્વેની છે. પ્રતિમા રેતીની બનેલી છે. આજુબાજુ એ જ કોટમાં બીજા પાંચ મંદિરો છે. ધર્મશાળા તથા ભોજનશાળાની સગવડ છે. શ્વેતાંબર તીર્થ છે.

## ૨. સેમલિયા–

રતલામ-જાવરા રોડ ઉપર રતલામથી ૧૬ કિ.મી. અને નામલીથી ૪ કિ.મી. દૂર છે. સંપ્રતિ રાજાના વખતની પ્રતિમા લાગે છે. પ્રતિમાજી રેતીના બનેલા છે. કહેવાય છે કે કોઈ યતિ દ્વારા આકાશમાર્ગે જઈ રહેલા ચાર સ્તંભોને અહીં ઉતાર્યા હતા. એ સ્તંભો પર સં. ૯૩૩નો લેખ ઉત્કીર્ણ છે. ધર્મશાળા છે. નાનું ગામ છે.

## ૩. રિંગણોદ (ઇંગલપથ)–

જાવરાથી ૧૨ કિ.મી. દૂર છે અને રિંગણોદ ગામથી એક કિ.મી. દૂર છે. વિ.સં. ૧૯૮૨માં એક મકાનના ઓટલાનું ખોદકામ કરતાં નેમિનાથ ભગવાનની અને અન્ય મૂર્તિઓ નીકળી હતી તે આ

મંદિરમાં પ્રતિષ્ઠિત કરેલ છે. સંપ્રતિકાલીન શિલ્પકલા લાગે છે. ધર્મશાળા અને ભોજનશાળા છે.

અહીં એક પ્રાચીન ઉપાશ્રય છે જે ૮૦૦ વર્ષ જૂનું માનવામાં આવે છે. એમાં એક ઘૂમટબંધ પાર્શ્વનાથ ભગવાનનું મંદિર છે. ઉપાશ્રયના ભોંયરામાં બીજું ભોંયરું છે જે બહુ ઓછી જગ્યાએ જોવા મળે છે.

જાવરા પાસે દાદાવાડી છે ત્યાં ધર્મશાળા-ભોજનશાળા છે.

## ૪. મંદસોર (દશપુર)–

રતલામથી ૮૫ કિ.મી. દૂર મંદસૌર શહેરમાં ખિલચીપુરામાં આ સ્થળ આવેલું છે. આર્યરક્ષિતસૂરિનું આ જન્મસ્થાન છે. આ દશપુર તીર્થ કહેવાય છે અને બહુ પ્રાચીન મંદિર છે. મહાવીર ભગવાનના સમયમાં ઉદયન નરેશ અને તેના સાથી દશ રાજાઓ દ્વારા આ નગર વસાવેલ છે અને વિદ્યુન્માલી દેવ દ્વારા મહાહિમવંત પર્વતના ગોશીર્ષ ચંદનથી નિર્મિત જીવંતસ્વામી પ્રભુ વીરની પ્રતિમા પ્રતિષ્ઠિત કર્યાનો ઉલ્લેખ છે. શહેરમાં બીજા ૧૦ મંદિર વિદ્યમાન છે. ધર્મશાળા છે, ભોજનશાળા નથી. મંદિર સુધી વાહન જાય છે.

## ૫. વહી–

મંદસૌરથી ૧૫ કિ.મી. અને પીપલીયાથી ૫ કિ.મી. દૂર વહી નામના નાના ગામમાં આ તીર્થ આવેલું છે. મંદિર ૧૧૦૦ વર્ષ જૂનું છે અને પાર્શ્વ પ્રભુની પ્રતિમા ૨૦૦૦ વર્ષ જૂની લાગે છે. ખૂબી એ છે કે હજુ એનો જીર્ણોદ્ધાર થયો નથી અને જરૂર પણ નથી. અહીં

બીજું પણ એક મંદિર છે જેમાં વર્તમાન, ભૂત અને ભાવી ચોવીશી દર્શનીય છે. ધર્મશાળા-ભોજનશાળાની સગવડ છે.

## ૬. કુર્કુટેશ્વર તીર્થ–

આ તીર્થ નીમચથી ૪૦ કિ.મી., મંદસૌરથી ૭૧ કિ.મી. દૂર કુકડેશ્વર ગામમાં આવેલું છે. કલ્પસૂત્રના વર્ણન મુજબ પાર્શ્વનાથ ભગવાન છદ્મસ્થાવસ્થામાં અહીં ધ્યાનમાં ઊભા હતા ત્યારે અહીંની નજીકના રાજા ઈશ્વર દર્શનાર્થે આવ્યા હતા. પ્રભુને ધ્યાનથી જોતાં એમને જાતિસ્મરણજ્ઞાન થયું કે એ મારા અપૂર્વ ઉપકારી છે અને દેવોના દેવ છે. એટલે ત્યાં ગામ વસાવીને મંદિરમાં કુર્કુટેશ્વર પાર્શ્વનાથના નામથી પ્રતિમાની સ્થાપના કરી. (કુર્કુટ=દેવતા અથવા સ્ફૂલિંગ; ઈશ્વર=દેવ) એટલે આ તીર્થ અતિ પ્રાચીન છે. મંદિરનું પ્રાચીન શિલ્પ અનોખું છે. એક બીજું પણ મંદિર છે. ધર્મશાળા છે અને પૂર્વસૂચના આપ્યેથી ભોજનની વ્યવસ્થા થઈ શકે છે.

## ૭. ભાનપુરા (ભલવાડા)–

શ્યામગઢથી ૪૫ કિ.મી. દૂર ભાનપુરા નગરની વચ્ચે આ તીર્થ આવેલું છે. મંદિરની પ્રતિષ્ઠા વિ. સં. ૧૫૪૮માં થયેલી છે અને મૂર્તિ સંપ્રતિરાજાના વખતની લાગે છે. હાલમાં બીજા ૪ શ્વે. મંદિર અને ૪ દિગંબર મંદિર છે. ધર્મશાળા છે અને સૂચના આપ્યેથી ભોજનની વ્યવસ્થા થઈ શકે છે.

આ ક્ષેત્રમાં પુરાતત્ત્વ વિભાગ દ્વારા થયેલ ખોદકામમાં સિંધુ

ઘાટીની સભ્યતાના અવશેષો મળ્યા છે, એટલે સ્થળ બહુ પ્રાચીન છે એમ સિદ્ધ થાય છે. આ મંદિરની બનાવટની વિશેષતા એવી છે કે પહેલા પગથિયા પરથી જ ભગવાનના દર્શન થાય છે. મંદિર સુધી વાહન જાય છે.

## ૮. પરાસલી–

રતલામ-કોટા માર્ગ પર શ્યામગઢથી ૧૨ કિ.મી. દૂર નાના ગામમાં આ શ્વેતાંબર તીર્થ આવેલું છે. મુખ્ય મંદિરની પ્રતિષ્ઠા વિ.સં. ૬૮૮માં થયેલી છે. અહીંથી નાગેશ્વર બાવન કિ.મી. છે. પ્રતિમા ચમત્કારિક મનાય છે. ધર્મશાળા-ભોજનશાળાની સગવડ છે. અન્ય ૧ મંદિર અને દાદાવાડી છે.

## ૯. નાગેશ્વર–

આ તીર્થ રાજસ્થાન-મધ્યપ્રદેશની બોર્ડર પર આવેલું છે. દિલ્લી-મુંબઈ રેલવે લાઈન પર આલોટ સ્ટેશનથી ૮ કિ.મી. અને ચૌમહલ્લા સ્ટેશનથી ૧૫ કિ.મી. છે. પ્રતિમા ૧૧૦૦ વર્ષ પ્રાચીન મનાય છે. પાર્શ્વપ્રભુની કાળા મરકત મણિની દેહપ્રમાણ નવ હાથ ઊંચી (૧૩½ ફૂટ) કાયોત્સર્ગ મુદ્રામાં છે. પહેલા આ પ્રાચીન મંદિર જીર્ણ અવસ્થામાં હતું અને એક સંન્યાસી એની દેખરેખ રાખતા હતા. પછી જૈન સંઘ દ્વારા એ મૂર્તિનો કબજો લઈ નૂતન મંદિર બનાવવામાં આવ્યું. ધર્મશાળા અને ભોજનશાળાની પૂરી સગવડ છે.

## ૧૦. ઉન્હેલ–

ઉજ્જૈન-નાગદા રોડ પર ઉજ્જૈનથી ૩૦ કિ.મી. દૂર આવેલું છે. આ તીર્થનું પ્રાચીન નામ તોરણ છે. પ્રતિમાની કલાકૃતિ ઉપરથી આ તીર્થ ૧૦મી સદી પૂર્વેનું સિદ્ધ થાય છે. કેટલાક અવશેષો ગુપ્તકાલીન પણ મળી આવે છે. આ શ્વે. તીર્થ અતિશયક્ષેત્ર તરીકે મનાય છે. ધર્મશાળા છે, સૂચના આપ્યેથી ભોજનની વ્યવસ્થા પણ થઈ શકે છે.

## ૧૧. બદનાવર–

કહેવાય છે કે લગભગ ૨૨૫૦ વર્ષ પહેલા સમ્રાટ અશોકના પૌત્ર સંપ્રતિરાજા દ્વારા આ પ્રતિમાની પ્રતિષ્ઠા થઈ હતી. જીર્ણોદ્ધાર થવાથી મંદિરની પ્રાચીનતા ઓછી જોવા મળે છે. રતલામથી ૪૦ કિ.મી. દૂર છે. બસ-સ્ટેંડથી પાંચેક મિનિટ પૈદલ ચાલતાં મંદિરે જવાય છે.

# -: મહત્વપૂર્ણ ફોન નંબર :-

| | |
|---|---|
| લક્ષ્મણીજી | (07394) 280282, 09630496777 |
| તાલનપુર | (07297) 33306 |
| બાવનગજા | (07290) 291010, 09425090384 |
| ઉન-પાવાગિરિ | (07282) 261328, 09407400769 |
| સિદ્ધવરકૂટ | (07280) 271829, 09425450776 |
| માંડવગઢ | (07292) 263229, 09406669690 |
| મોહનખેડા | (07296) 232225 |
| ભોપાવર | 09425061201, 09425046397 |
| ધાર (ભક્તામર તીર્થ) | 09179760908 |
| ગોમ્મટગિરિ | (0731) 2882251, 09329114091 |
| હ્રીંકાર તીર્થ | (0731) 6981333, 09300008885 |
| ઉજ્જૈન | (0734) 2585854/2555553 |
| ઉન્હેલ | (07366) 20258/20237 |
| મક્ષીજી શ્વે. | (07363) 233338/233037 |
| દિ. | (07363) 32028 |
| બજરંગઢ | (07542) 257635, 09826821256 |
| વિદિશા શ્વે. | (07592) 32358/33172 |
| દિ. | (07592) 32088/32369 |
| સોનાગિર દિ. | (07522) 262222/263307 |

| | |
|---|---|
| થુબૌનજી | (07547) 256212, 9407241205 |
| અહારજી | (07683) 298932, 09926485273 |
| પપૌરાજી | 09424346145 |
| નૈનાગિરિ | (07583) 280095, 09407533103 |
| દ્રોણગિરિ | 09754355296 |
| ખજૂરાહો | (07686) 274148, 09425879049 |
| કુંડલપુર | (07605) 272230/272293 |
| નાગેશ્વર | (07410) 240712/240711 |
| દેવગઢ | (05176) 82533 |
| રીંગણોદ | (07414) 264224, 09406887618 |
| જાવરા (દાદાવાડી) | (07414) 229199, 09926504525 |
| સેમલિયા | (07412) 269210, 09301132151 |
| બિંબણોદ | (07412) 236277, 09770790800 |
| પરાસલી | (07425) 214005, 09406838764 |
| વહી | (07424) 241430, 09406640103 |
| ભાનપુરા | (07427) 236439, 09425922139 |
| કુકડેશ્વર | (07421) 231353, 09425346813 |
| જબલપુર(પિસનહારી) | (0761) 2672827, 09893297675 |

*(જેમાં એક આંકડો ઓછો હોય તે ફોન નંબર ચેક કરી લેવા.)*

# તીર્થયાત્રા સંબંધી વ્યવહારુ સૂચન

અહીં આપેલ બે તીર્થો વચ્ચેના અંતરના પત્રક પ્રમાણે ગુજરાતથી વાહન લઈને જવું હોય તો બરાબર છે, પણ એ પૂરી ટૂર લગભગ ૨૦ દિવસની થાય. એટલો અવકાશ ન હોય અને મધ્ય ભારતની, મુખ્યત્વે દિગંબર તીર્થોની યાત્રા કરવી હોય તો ટ્રેનથી ઇંદોર જવું. ત્યાંથી વાહન કરીને દેવાસ, મક્ષી, બજરંગઢ, થુબૌનજી, ચંદેરી, ખંદારગિરિ, સૈરોનજી, લલિતપુર, દેવગઢ, પાછા લલિતપુર, પાવાગિરિજી, ઝાંસી, કરગુંવાજી, પાછા ઝાંસી થઈને સોનાગિર, ગ્વાલિયર, પાછા ઝાંસી થઈને પપૌરાજી, અહારજી, ખજુરાહો, દ્રોણગિરિ, નૈનાગિરિ, કુંડલપુર, સાગર આવવું. આમાં પણ ટૂર ટૂંકી કરવી હોય તો ગ્વાલિયર, ખજુરાહો અથવા કુંડલપુર છોડી દેવાય. જો વાહનમાં થાક વિશેષ લાગતો હોય તો સાગર/વિદિશા જેવા સ્થળેથી ટ્રેન પકડી અમદાવાદ/મુંબઈ આવી શકાય. ભલે વાહન ખાલી જાય (એના પૈસા આપવા પડે તે ચાલે.) આ પ્રમાણે ઇંદોરથી ઉપરની મધ્યભારતની યાત્રા થાય.

એના માટે એક બીજો વિકલ્પ પણ છે. મધ્ય ભારતના ઉપરના તીર્થો એટલે કે બજરંગઢથી કુંડળપુર સુધીના તીર્થો કરવા હોય તો નિકટતમ સ્ટેશન ગુના છે. વડોદરા-કાનપુર રેલ-માર્ગ એ આવેલું છે. ત્યાં જવા માટે અમદાવાદ-વડોદરાથી ટ્રેન નં. 19165/19167 સાબરમતી એક્ષપ્રેસ Daily છે, અને મુંબઈ CST થી ટ્રેન નં. 12137 ફિરોજપુર-પંજાબ મેલ અને ટ્રેન નં. 11057 દાદર-અમૃતસર

એક્ષપ્રેસ Daily છે. પાછા આવવા માટે કુંડળપુરથી જબલપુર ૧૦૯ કિ.મી. છે. જબલપુરથી પાંચ કિ.મી. દૂર 'પિસનહારી મઢિયા' વિસ્તારમાં શ્રી પાર્શ્વનાથ દિગંબર જૈન મંદિર છે જ્યાં બધી સુવિધા છે. સુંદર અને વિશાલ મંદિર છે. જબલપુરથી અમદાવાદ આવવા માટે ટ્રેન નં. 11466/11464 જબલપુર-સોમનાથ એક્ષપ્રેસ Daily છે અને દમોહ અને સાગરથી પણ એ જ ટ્રેન અઠવાડિયામાં બે દિવસ મળે છે. જબલપુરથી મુંબઈ CST માટે ટ્રેન નં. 12321 હાવરા-મુંબઈ મેલ તથા ટ્રેન નં. 11094 વારાણસી-મુંબઈ મહાનગરી એક્ષપ્રેસ Daily છે. જવા-આવવા માટે બીજી સાપ્તાહિક ટ્રેનો પણ છે. આમાં ટ્રેનની યાત્રા થવાથી થાક ઓછો લાગે, પણ પૂર્વ-આયોજન કરવું પડે.

બાકીની યાત્રા વડોદરાથી ડભોઈ થઈને બોડેલી, લક્ષ્મણી, તાલનપુર, બાવનગજા, ઉનપાવાગિરિ, સિદ્ધવરકૂટ, ઇંદોર, હ્રીંકાર, ગોમ્મટગિરિ, ફરી ઇંદોર આવીને દેવાસ, ઉજ્જૈન, મક્ષી, બદનાવર, બનેડિયાજી, ધાર, આહૂ, કાગદીપુરા, માંડવગઢ, અમીઝરા, ભોપાવર, મોહનખેડા, ગોધરા, પારોલી થઈને પાવાગઢ કરીને વડોદરા આવી શકાય.

રતલામ તરફના તીર્થોની યાત્રા કરવી હોય તો ટ્રેનથી રતલામ જવું. ત્યાંથી વાહન કરી બિંબડોદ, સેમલિયા, રિંગણોદ, મંદસોર, વહી, કુર્કુટેશ્વર, ભાનપુરા, પરાસલી, નાગેશ્વર, ઉન્હેલ અને બદનાવર કરીને નાગદા યા રતલામથી ટ્રેન પકડી શકાય.

નક્શામાં બધી વિગત આપેલી છે અને નક્શો સ્કેલ પ્રમાણે હોવાથી સહી દિશાઓ બતાવે છે. એટલે યાત્રી પોતાની રીતે

અવકાશ અને ઇચ્છા પ્રમાણે પ્રોગ્રામ બનાવી શકે છે. આમાં મુખ્યત્વે દિગંબર તીર્થો છે, તો પણ હવે બધે ધર્મશાળા, ગાદલા અને ભોજનશાળાની વ્યવસ્થા થઈ ગઈ છે. બધા તીર્થોના ફોન નંબર પણ આપેલ છે એટલે પૂર્વ તૈયારીરૂપે સૂચના આપી શકાય. જે Guide Map આપ્યા છે તેમાં Scale નથી આપેલો, પણ દિશાઓ (Direction, Location) બરાબર બતાવેલ છે.

આ યાત્રા પુસ્તિકા મધ્યભારતના દિગંબર અને શ્વેતાંબર તીર્થોની છે, એટલે ગુજરાતથી શરૂ કરીને મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનની બોર્ડરનો સમાવેશ કર્યો છે. (નાગેશ્વર પાર્શ્વનાથ રાજસ્થાન-મધ્યપ્રદેશની બોર્ડર પર છે.)

નક્શામાં તીર્થોને લગતા રોડ બતાવ્યા છે. બાકી ભાગમાં રોડ નથી એમ માનવું નહીં. બધા રોડ બતાવીએ (Atlas પ્રમાણે) તો તીર્થ શોધવા મુશ્કેલ પડે. ટ્રેનો બતાવી નથી.

વાહન લઈને જઈએ તો એક કલાકના ૪૦ કિ.મી.ના હિસાબે આયોજન કરવું. એટલે રાત પડી જવાથી ભૂખ્યા ન રહેવું પડે. કારણ કે વચ્ચે Toll Tax વગેરે નાકા ઘણા આવે છે. ટ્રાફિક પણ નડે. આ બધી મુસાફરી ઘણી ખરી N.H. ની નથી, અંદરની છે.

**સમાપ્ત**